RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 9 * Issue No. 39* Date: 28.11.2022, Monday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

## કોંગ્રેસે ૭૫ વર્ષ સુધી તમારી ચિંતા ના કરી. ભલે દિલ્હીમાં બેઠો હોય, ચિંતા તમારી જ હોય : નરેન્દ્ર મોદી

ભરૂચ,તા.૨૭

ગુજરાતમાં યોજાનારી વિધાનસભા ચૂંટણીમાં ભાજપના પ્રચારની કમાન ખુબ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સંભાળી છે. પીએમ મોદી પ્રથમ તબક્કા માટે ગુજરાતના અનેક વિસ્તારોમાં અનેક રેલીઓ સંબોધિત કરી ચુક્યા છે. હવે રવિવારે પ્રધાનમંત્રી મોદી ત્રણ રેલીઓ સંબોધી હતી પ્રધાનમંત્રી મોદી ભરૂચના નેત્રાંગમાં વિજય સંકલ્પ સંમેલનમાં પહોંચ્યા છે.

પીએમ મોદીએ કહ્યું, આ ચૂંટણી મારા ગુજરાતના ભાઈઓ બહેનો લડી રહ્યા છે, ભાજપના કાર્યકર્તાઓ ભાગ્યવાન છીએ કે આજે આટલી મોટી સંખ્યામાં બધા ઉમેદવારને વિજય બનાવવા માટે ઉમટી પડ્યા છે. આ આર્શિવાદ માત્ર ચૂંટણી માટેના આર્શિવાદ નથી. આ આર્શિવાદ વિકસીત ગુજરાત બનાવવાનો સંકલ્પ બતાવે છે.પીએમ મોદીએ કહ્યું, અમે ભારતીય જનતા પાર્ટીના કાર્યકર્તાઓ ભાગ્યવાન છીએ કે, આજે આટલી મોટી સંખ્યામાં અમારા બધા ઉમેદવારોને વિજયી બનાવવા માટે આપ મેદાનમાં



ઉતર્યા છો. એક અવાજે બધે એક જ વાત સાંભળી સંકલ્પ પત્ર એટલો બધો સ્પષ્ટ છે એટલો બધો સર્વસ્પર્શી છે કે, હવે ભાજપની સીટો પહેલાં કરતા પણ વધી જશે.

પીએમ મોદીએ કહ્યું, આદિવાસીઓ પાસે આવવાનું થાય ત્યારે મારો આનંદ અનેકગણો વધી જાય છે.

મારા જીવનના પ્રારંભીક દિવસોમાં જ મને આદિવાસીઓ પાસેથી શીખવા મળ્યું. તમારી વચ્ચે મોટો થયેલો મોદી એ દિલ્લી ગયો એને નક્કી કર્યું, હવે ડોક્ટર થવું હોય તો માતૃભાષામાં ભણી શકાય, એન્જિનિયર થવું હોય તો પણ માતૃભાષમાં ભણી શકાય પોતાની ભાષામાં ભણીને ડોક્ટર પણ બનાય અને એન્જિનિયર પણ બનાય અને એ આપણે શરુ કરી દીધું.

પીએમ મોદીએ કહ્યું, ભાજપના સંકલ્પ પત્રને ગુજરાતની જનતાએ વધાવ્યો છે.આદિવાસી વિસ્તારો આત્મનિર્ભર બને તેવા પ્રયાસ કરાયા છે. દીકરીઓની સુરક્ષા એટલે સંકલ્પ પત્ર. સંકલ્પ પત્ર સ્પષ્ટ છે, વિજય નક્કી છે. સંકલ્પ પત્રને ચરિતાર્થ કરવા ભૂપેન્દ્ર પટેલ કામ કરશે.

પીએમ મોદીએ કહ્યું, તમારો આ દિકરો દિલ્હીમાંથી બનતા પ્રયાસ કરશે. આજે ગુજરાતની દીકરીઓ નામ કમાઈ રહી છે. આજે આદિવાસી વિસ્તારોમાં શાળા બનવા લાગી છે. ૨૦ વર્ષ પહેલા દીકરીઓ ભણવાનું છોડી દેતી. પરંતુ આજે ગુજરાતની દીકરીઓ નામ કમાઈ રહી છે.

પીએમ મોદીએ કહ્યું, તમારા વચ્ચે મોટા થયેલા મોદીએ તમારી ચિંતા કરી. કોંગ્રેસે ૭૫ વર્ષ સુધી તમારી ચિંતા ના કરી. ભલે દિલ્હીમાં બેઠો હોય, ચિંતા તમારી જ હોય. તમારા સંસ્કાર આજે મને લેખે લાગે છે.

પીએમ મોદીએ કહ્યું, આદિવાસી વિસ્તારમાં પણ ૨૦ હજાર જેટલા ઘર બન્યા છે, અમે ૩ કરોડથી વધુ લોકો માટે ઘર બનાવ્યાં, આપણે સીધા તેના ખાતામાં જ રૂપિયા નાખ્યા. સાચા માણસને ઘર મળવું જોઈ, વચ્ચે કોઈ વચેટીયો નહીં. ભાજપની સરકાર આવતા જ ભ્રષ્ટ્રાચાર બંધ થઈ ગયો.

પીએમ મોદીએ કહ્યું, ત્રણ વર્ષ થયા ૮૦ કરોડ લોકોને મફતમાં અનાજ પહોંચાડ્યું. તમે છો તો દેશ છે એટલા માટે આ કામ કરીએ છીએ. ગરીબના ઘરમાં કોઈ છોકરા ભુખા ન સુવે તે ચિંતા અમે કરી છે. કોંગ્રેસનો સમય હોત તો આદિવાસીઓ સુધી વેક્સિન પહોંચવામાં વર્ષો લાગી જાત.

## બાંગ્લાદેશમાં હિંસાઃ મિઝોરમ ભાગી ગયેલા કુકી-ચીન શરણાર્થીઓની સંખ્યામાં વધારો, તમામ સુવિધાઓ મળશે

નવીદિલ્હી,તા.૨૭

બાંગ્લાદેશના 'ચિટાગોંગ હિલ ટ્રેક્ટ'થી મિઝોરમમાં હિંસાથી ભાગી રહેલા કુકી-ચીન આદિવાસી શરણાર્થીઓની સંખ્યા વધીને ૩૦૦ની નજીક પહોંચી ગઈ છે. આ બાબતની જાણકારી ધરાવતા એક સ્થાનિક નેતાએ આ માહિતી આપી હતી. સ્થાનિક શરણાર્થી આયોજક સમિતિના પ્રમુખ ગોસ્પેલ હમંગાઈહજુઆલાએ જણાવ્યું હતું કે ૨૧ કુકી-ચીન શરણાર્થીઓએ શુક્રવારે મોડી રાત્રે બાંગ્લાદેશના ચિત્તાગોંગ હિલ ટ્રેક્ટ થી સરહદ પાર કરી હતી. સીએચટીમાં કથિત હિંસાને કારણે મિઝોરમ આવેલા કુકી-ચીન શરણાર્થીઓને ધ્યાનમાં રાખીને લવાંગતલાઈ જિલ્લાના પરવા ગામના ગ્રામ સત્તાવાળાઓ અને બિન-સરકારી સંસ્થાઓ (એનજીઓ) દ્વારા તાજેતરમાં આયોજન સમિતિની રચના કરવામાં આવી હતી. આંતરરાષ્ટ્રીય સમાચાર અહીં વાંચો.

કુકી-ચીન જાતિ બાંગ્લાદેશ, મિઝોરમ અને મ્યાનમારના પહાડી વિસ્તારોમાં ફેલાયેલી છે. ગોસ્પેલે કહ્યું કે ૨૧ શરણાર્થીઓ સરહદ પાર કર્યા પછી તરત જ, બોર્ડર સિક્યુરિટી ફોર્સ તેમને સરહદી ગામથી લગભગ ૨૧ કિલોમીટર દૂર પરવા ગામમાં લાવ્યા. તેમણે જણાવ્યું કે હાલમાં બાંગ્લાદેશના કુલ ૨૯૪ લોકોએ પરવામાં એક શાળા, એક કોમ્યુનિટી હોલ, એક આંગણવાડી કેન્દ્ર અને એક સબ-સેન્ટરમાં આશ્રય લીધો છે. પરવા વિલેજ કાઉન્સિલના પ્રમુખ ગોસ્પેલે જણાવ્યું કે એનજીઓ દ્વારા કુકી-ચીન શરણાર્થીઓને ભોજન, કપડાં અને અન્ય રાહત સામગ્રી આપવામાં આવી રહી છે.

તેમણે જણાવ્યું કે શરણાર્થીઓની પ્રથમ ટુકડી ૨૦ નવેમ્બરે લવંગતલાઈ જિલ્લામાં પ્રવેશી હતી. બાંગ્લાદેશ આર્મી અને વંશીય વિદ્રોહી જૂથ, કુકી-ચિન નેશનલ આર્મી વચ્ચેના સશસ્ત્ર સંઘર્ષને પગલે કુકી-ચિન સમુદાયના લોકો તેમના ઘર છોડીને મિઝોરમમાં આવી રહ્યા છે. રાજ્ય સરકારના અધિકારીઓએ આ મામલે કોઈ ટિપ્પણી કરી નથી. અગાઉ, મિઝોરમ કેબિનેટે મંગળવારે કુકી-ચીન શરણાર્થીઓ પ્રત્યે સહાનુભૂતિ વ્યક્ત કરી હતી અને તેમને કામચલાઉ આશ્રય, ખોરાક અને અન્ય મૂળભૂત સુવિધાઓ પ્રદાન કરવાનો નિર્ણય લીધો હતો. 'સેન્ટ્રલ યંગ મિઝોરમ એસોસિએશન' એ પણ વંશીય મિઝો શરણાર્થીઓને માનવતાવાદી સહાય પૂરી પાડવાનો નિર્ણય કર્યો છે.

આ એસોસિએશન મિઝોરમમાં એક મોટું સામાજિક સંગઠન છે, જે રાજ્યની અંદર અને બહાર લગભગ પાંચ લાખ સભ્યો ધરાવે છે.

બાંગ્લાદેશમાં કુકી-ચીન સમુદાય મિઝોરમમાં મિઝો લોકો સાથે વંશીય સંબંધો ધરાવે છે અને તેમાંથી ઘણા રાજ્યમાં સંબંધીઓ ધરાવે છે.

મિઝોરમમાં તમામ વંશીય 'ઝો' લોકો 'મિઝો' તરીકે ઓળખાય છે, જ્યારે મ્યાનમારમાં તેઓને 'ચીન' અથવા 'ઝોમી' અથવા 'લામી' અને મણિપુરમાં તેઓ કુકી તરીકે ઓળખાય છે.

## અમે એક પૃથ્વી, એક પરિવાર, એક ભવિષ્યની થીમ આપી છે : વડાપ્રધાન

નવીદિલ્હી,તા.૨૭

પ્રધાનમંત્રી મોદીએ આજે મનકી બાતના ૯૫મા એપિસોડમાં દેશને સંબોધન કર્યું. પીએમ મોદીએ કહ્યુંકે, મનકી બાત ખુબ જ ઝડપથી તેના ૧૦૦ એપિસોડ પુરા કરવા જઈ રહ્યું છે. આ એપિસોડમાં જનસામાન્યની સમસ્યાઓ અને તેના સમાધાન અંગેની વાત કરવામાં આવે છે. આ સાથે તેમણે વિવિધ મુદ્દાઓ પર પણ ચર્ચા કરી. જી-૨૦ ને લઈને દેશ ખુબ જ ઉત્સુક છે. પીએમ મોદીએ જણાવ્યુંકે, જી-૨૦ સમિટમાં અધ્યક્ષતા ભારત માટે મોટી તક સમાન છે. દેશવાસી એક યા બીજી રીતે જી ૨૦ સાથે જોડાયેલ છે. થોડા દિવસો પહેલા મને જી-૨૦ નો લોગો અને ભારતના રાષ્ટ્રપતિની વેબસાઈટ લોન્ચ કરવાનો લહાવો મળ્યો હતો. આ લોગો જાહેર હરીફાઈ દ્વારા પસંદ કરવામાં આવ્યો હતો.

પ્રધાનમંત્રી મોદીએ જણાવ્યું હતું કે જી-૨૦ વિશ્વની બે તૃતીયાંશ વસ્તી ધરાવે છે, વૈશ્વિક વેપારનો ત્રણ ચતુર્થાંશ અને વિશ્વના ર્ક્ષ્નો ૮૫% હિસ્સો ધરાવે છે. તમે કલ્પના કરી શકો છો કે ભારત ૧લી ડિસેમ્બરથી આટલા મોટા જૂથ, આટલા શક્તિશાળી જૂથની અધ્યક્ષતા કરશે. જી-૨૦નું પ્રમુખપદ અમારા માટે એક મોટી તક બનીને આવ્યું છે. આપણે આ તકનો પૂરેપૂરો ઉપયોગ કરવો પડશે અને વૈશ્વિક સારા, વિશ્વ કલ્યાણ પર ધ્યાન કેન્દ્રિત કરવું પડશે. અમે એક પૃથ્વી, એક પરિવાર, એક ભવિષ્યની થીમ આપી છે તે વસુધૈવ કુટુંબકમ પ્રત્યેની અમારી પ્રતિબદ્ધતા દર્શાવે છે.

પીએમ મોદીએ કહ્યું કે ૧૮ નવેમ્બરે આખા દેશે અવકાશ ક્ષેત્રે નવો ઈતિહાસ રચતો જોયો. ભારતે આ દિવસે તેનું પહેલું આ પ્રકારનું રોકેટ અવકાશમાં મોકલ્યું હતું. તે ભારતના ખાનગી ક્ષેત્ર દ્વારા ડિઝાઈન અને તૈયાર કરવામાં આવ્યું હતું. આ રોકેટનું નામ 'વિક્રમ-એસ' છે.

વધુમાં પીએમ મોદીએ જણાવ્યુંકે, વૈષ્ણવ જન તો તેને રે કહીએ જે પીડ પરાઈ જાણે રે...આ ગીતને ગાનાર ગ્રીસના છે. ભારતથી તેમને એટલો લગાવ છે તે છેલ્લાં ૪૨ વર્ષથી સતત ભારત આવતા રહ્યાં છે. તેમણે ભારતીય સંગીતની વિભૂતિઓનું અધ્યયન કર્યું છે. ઈન્ડિયન મ્યુઝિકનો અભ્યાસ કરી રહ્યાં છે. તમને જાણીને સારું લાગશે છેલ્લાં ૮ વર્ષમાં ભારતથી મ્યૂઝિકલ ઈન્સ્ટ્રુમેન્ટનો વેપાર વધ્યો છે. જર્મની, ફ્રાન્સ અને યુકે ના લાકો આની ખરીદી કરે છે.

## યુપીમાં પુત્રીઓ સુરક્ષિત નથી છતાં સરકાર માનવા તૈયાર નથી : ડિપલ યાદવ

લખનૌ,તા.૨૭

મૈનપુરીમાં યોજાનાર પેટાચુંટણીમાંને લઇ રાજકીય વર્તુળોમાં હલચલ તેજ થઇ ગઇ છે.આ દરમિયાન આ લોકસભા બેઠકથી સમાજવાદી પાર્ટીના ઉમેદવાર ડિંપલ યાદવનું નિવેદન સામે આવ્યું છે. ડિંપલ યાદવે કહ્યું છે કે મૈનપુરી નેતાજીની કર્મભૂમિ રહી છે અહીંથી જ નેતાજી ધરતી પુત્ર કહેવાયા છે.તેમણે કહ્યું કે તમે જોશો કે મૈનપુરીમાં યોજાનાર ચુંટણીમાં અને તેના પરિણામમાં ઈતિહાસ રચાશે

સપા ઉમેદવાર ડિંપલ યાદવે ભાજપ પર પ્રહારો કરતા કહ્યું કે ઉત્તરપ્રદેશની કાનુન વ્યવસ્થા ધ્વસ્ત થઇ ચુકી છે પરંતુ સરકાર આ વાતને માનવા તૈયાર નથી તેમણે કહ્યું કે અહીં પુત્રીઓ સુરક્ષિત નથી ડિંપલ યાદવે ઉત્તરપ્રદેશની કાનુન વ્યવસ્થાને લઇ ભારે પ્રહારો કર્યા હતાં. એ યાદ રહે કે મૈનપુરીની પેટાચુંટણીના કારણે સપાએ પોતાનો પ્રચાર અભિયાન તેજ કરી દીધુ છે. તાજેતરમાં સપા નેતા ધર્મેન્દ્ર યાદવની એક વીડિયો સામે આવી હતી જેમાં તે યુપીના પૂર્વ મુખ્યમંત્રી મુલાયમસિંહ યાદવને યાદ કરતા રોતા નજરે પડયા હતાં આ વીડિયો મૈનપુરીની એક જાહેર રેલીની છે જેમાં ધર્મેન્દ્ર યાદવ જનતાને સંબોધિત કરી રહ્યાં હતાં આ દરમિયાન મુલાયમને યાદ કરી તે ભાવુક થઇ ગયા હતાં અને ધ્રુસકેને ધ્રુસકે રડવા લાગ્યા હતાં.

એ યાદ રહે કે મૈનપુરી લોકસભા બેઠક સપા સંસ્થાપક મુલાયમસિંહ યાદવના નિધનને કારણે ખાલી થઇ છે.આ બેઠક માટે પેટાચુંટણી માટે આગામી પાંચ ડિસેમ્બરે મતદાન થનાર છે.સપાએ પેટાચુંટણીમાં મુલાયમસિંહની પુત્રવધૂ અને સપા પ્રમુખ અખિલેશ યાદવની પત્ની ડિંપલ યાદવને ઉમેદવાર બનાવ્યા છે.જયારે ભાજપે રઘુરાજ શાકયને ઉમેદવાર બનાવ્યા છે.ઈટાવા ખાતે મુલાયમના પૈતૃક ગામ સૈફઇ મૈનપુરી લોકસભા વિસ્તારનો જ હિસ્સો છે.

## સેલ્ફી લેવાના ચક્કરમાં ૪ વિદ્યાર્થિનીઓએ જીવ ગુમાવ્યો

બેંગલુરુ,તા.૨૭

આજકાલ લોકોમાં સેલ્ફીનો ઘણો ક્રેઝ છે. લોકોને જ્યાં પણ તક મળે છે, ત્યાં તેઓ સેલ્ફી લેવાનું શરૂ કરી દે છે. સેલ્ફી લેવાના મામલે ઘણી વખત મોટી દુર્ઘટનાઓ પણ બને છે.

ત્યારે કર્ણાટકમાં ઝરણા પાસે સેલ્ફી લેતી વખતે લપસીને ડૂબી જવાથી ચાર વિદ્યાર્થીનીઓના મોતનો મામલો સામે આવ્યો છે. આ ઘટના શનિવારે બપોરે બેલગાવી તાલુકાની સરહદ નજીક આવેલા કિટવાડ ધોધમાં બની હતી. આ તમામ બેલાગવીના રહેવાસી હતા અને કામત ગલી સ્થિત મદરેસાની વિદ્યાર્થીનીઓ હતી.

પ્રાપ્ત માહિતી પ્રમાણે મદરેસાના કુલ ૪૦ વિદ્યાર્થીઓ શનિવારે સવારે કિટવાડ ધોધ જોવા ગયા હતા. જણાવવામાં આવી રહ્યું છે કે, આ ઘટના ત્યારે બની જ્યારે કેટલાક લોકો ધોધ પાસે ઉભા રહીને સેલ્ફી લઈ રહ્યા હતા. દરમિયાન સંતુલન ગુમાવવાથી ૫ વિદ્યાર્થીનીઓ પાણીમાં લપસી પડી હતી. કિનારા પાસે ઉભેલા લોકો સહિત કોઈને તરવાનું આવડતું ન હતું તેથી છોકરીઓને બચાવી શકાઈ ન હતી.

ધોધમાં પડી જતાં એક વિદ્યાર્થીનીને કોઈક રીતે બચાવીને હોસ્પિટલ લઈ જવામાં આવી હતી. જિલ્લા હોસ્પિટલના તબીબોએ જણાવ્યું કે, તેમની હાલત નાજુક હોવાનું કહેવાય છે.

## છોકરીઓ ૭ વર્ષની ઉંમરે પીવે છે સિગારેટ, ઘણી બીડીની પણ શોખીન, આ રાજ્યમાં થયો ચોકાવનાર ખૂલાસો

ભોપાલ,તા.૨૭

એક રિપોર્ટમાં મધ્યપ્રદેશને લઈને ચોંકાવનારા ખુલાસા થયા છે. તાજેતરમાં જ મધ્યપ્રદેશમાં યુવાનોમાં તમાકુ ઉત્પાદનોના ઉપયોગને લઈને એક સર્વે કરવામાં આવ્યો છે.

ગ્લોબલ યુથ ટોબેકો સર્વેના અહેવાલમાં જણાવાયું છે કે એમપીમાં છોકરીઓ ૭ વર્ષની ઉંમરે જ સિગારેટ પીવાનું શરૂ કરે છે.તેવી જ રીતે, આ સર્વેમાં એવું પણ કહેવામાં આવ્યું છે કે છોકરાઓ સામાન્ય રીતે સાડા અગિયાર વર્ષની ઉંમરથી સિગારેટ પીવાનું શરૂ કરે છે. નેશનલ હેલ્થ મિશનના ડાયરેક્ટર પ્રિયંકા દાસે હોટેલ તાજ, ભોપાલમાં આયોજિત ઉમંગ સ્કૂલ હેલ્થ એન્ડ વેલનેસ પ્રોગ્રામમાં આ અંગે માહિતી આપી છે. આ કાર્યક્રમમાં રાજ્યના આરોગ્ય મંત્રી ડો.પ્રભુરામ ચૌધરીએ ગ્લોબલ યુથ ટોબેકો સર્વેના અહેવાલનું વિમોચન કર્યું હતું.સર્વે રિપોર્ટમાં વધુમાં જણાવવામાં આવ્યું છે કે છોકરીઓની ધૂમ્રપાન કરવાની રાષ્ટ્રીય સરેરાશ ઉંમર ૯ વર્ષ અને ત્રણ મહિનાની આસપાસ છે. એ જ છોકરાઓની ઉંમર ૧૦ વર્ષ ૪ મહિના છે. મધ્યપ્રદેશ અંગેના આ સર્વે રિપોર્ટમાં એવો પણ દાવો કરવામાં આવ્યો છે કે રાજ્યમાં લગભગ ૨.૧૦ ટકા છોકરીઓ અને ૨.૪૦ ટકા છોકરાઓ સિગારેટ પીવે છે. આ સિવાય ૧ ટકા છોકરીઓ બીડી પણ પીવે છે. રાજ્યમાં લગભગ ૪.૪૦ ટકા છોકરાઓ અને ૩.૫૦ ટકા છોકરીઓ કોઈને કોઈ સ્વરૂપે તમાકુનું સેવન કરે છે. આ છોકરા-છોકરીઓની ઉંમર ૧૩થી ૧૫ વર્ષની વચ્ચે છે. સર્વેમાં જણાવાયું છે કે યુવા તમાકુના ઉપયોગ અંગે ૩૫ અન્ય રાજ્યોની સરખામણીમાં મધ્યપ્રદેશ ૨૯માં સ્થાને છે.

## બિહારમાં સીતામઢીમાં માતા સીતાનું મંદિર બનાવવાની માંગનો લઈ જદયુ-ભાજપ આમનો સામનો

### ભવ્ય રામ મંદિરની જેમ બિહારમાં પણ સીતામાતાના જન્મસ્થળ સીતામઢીમાં માતા સીતાનું મંદિર બનાવવાની જદયુએ માંગ કરી છે.

પટણા,તા.૨૭

બિહારમાં મંદિરના નામ પર રાજનીતિ કોઇ નવી વાત નથી આ ક્રમમાં હવે મા જાનકીની જન્મભૂમિ સીતામઢીના પુરૌના ધામમાં ભવ્ય મંદિર બનાવવાને લઇ ભાજપ અને જદયુમાં નિવેદનબાજી શરૂ થઇ ગઇ છે.જદયુએ અયોધ્યામાં બની રહેલ ભવ્ય રામ મંદિરની જેમ બિહારમાં પણ સીતામાતાના જન્મસ્થળ સીતામઢીમાં માતા સીતાનું મંદિર બનાવવાની માંગ કરી છે.

બિહારના મંત્રી અને જદયુના વરિષ્ઠ નેતા વિજેન્દ્ર યાદવે કહ્યું કે જે રીતે અયોધ્યામાં રામ મંદિર નિર્માણમાં ભાજપ નેતાઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો તે રીતે માતા સીતાના મંદિર માટે પહેલ કેમ કરવામાં આવી રહી નથી તેમણે કહ્યું કે અયોધ્યામાં મંદિરનું નામ રામ મંદિર આપવામાં આવી રહ્યું છે જયારે તેનું નામ સીતા રામ હોવું જોઇતુ હતું. તેમણે કહ્યું કે ભાજપે જો અયોધ્યામાં રામમંદિરનું નિર્માણ




કરાવ્યું તો તેની જવાબજારી બને છે કે બિહારમાં માતા સીતાના મંદિરનું નિર્માણ કરાવે.આ મહિલાઓ પ્રત્યે અપમાનનો સવાલ છે.જદયુ મંત્રીએ વધુમાં કહ્યું કે આ બિહાર અને મિથિલાંચલની ઉપેક્ષા છે.

દરમિયાન ભાજર પ્રદેશ અધ્યક્ષ સંજય જાયસવાલે કહ્યું કે મુખ્યમંત્રી નીતીશકુમાર બતાવે કે કેટલીવાર તે જનકપુરી ગામ ગયા અને માતા સીતાના મંદિરમાં ગયા.જાયસવાલે કહ્યું કે વડાપ્રધાન નરેન્દ્ર મોદી ખુદ માતાના ઘરે ગયા હતાં ભાજપની સરકારે રામ જાનકી હાઈવે બનાવ્યો અને આ સાથે જ હવે અયોધ્યાથી જનકપુરી સુધી ગ્રીન ફોરલેન સડકનું નિર્માણ કરવામાં આવી રહ્યું છે.દરમિયાન ભાજપના સાંસદ અને રાજયના પૂર્વ નાયબ મુખ્યમંત્રી સુશીલ મોદીએ કહ્યું કે અયોધ્યા શ્રીરામની જન્મભૂમિ છે અને ત્યાં તે પહેલા શ્રીરામનું મંદિર હતું આ વાત જયારે પુરાતાત્વિક પ્રમાણોથી અદાલતમાં સિધ્ધ થઇ ચુકી છે ત્યારે બિહાર સરકારના એક મંત્રી તેને સીતા મંદિર નામ આપવાની વાત કરી નવો વિવાદ કેમ ઉભો કરવા ઇચ્છે છે.તેમણે કહ્યું કે મંદિરનું નિર્માણ,નામકરણ અને પુર્નરૂધ્ધાર જેવા કામ સંતો શ્રધ્ધાળુઓના છે ભાજપ કે કોઇ રાજનીતિક પક્ષના નથી પરંતુ મંત્રી તેના પર રાજનીતિ કરી રહ્યાં છે.મોદીએ કહ્યું કે શ્રી રામ,દેવી સીતા અને રામાયણ સંસ્કૃતિનું સમ્માન કરવું ફકત ભાજપનું દાયિત્વ નથી પરંતુ મંત્રીના નિવેદનથી લાગે છે કે સીતા રામથી જદયુ અને મહાગઠબંધન સરકારને કોઇ સંબંધ નથી.

## તંત્રી સ્થાનેથી...

# અસંતોષના ઉહાપોહ વચ્ચે ગુજરાત વિધાનસભાની ચૂંટણી




*ગુજરાતમાં આવતાં મહિને યોજાનારી વિધાનસભા ચૂંટણીની હાર-જીતમાં આગામી લોકસભા ચૂંટણી અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ભાવિનું નિર્ધારણ થવાનું છે. હિમાચલ પ્રદેશની વિધાનસભાની ચૂંટણીમાં મતદાન પછી સ્ટોરેજમાં રાખેલાં ઈવીએમમાં ઘાલમેલ ના થાય તો ભાજપનો રકાસ અને કોંગ્રેસનો વિજય નક્કી જણાય છે. આવા સંજોગોમાં ગુજરાતની ચૂંટણી માટે સમગ્ર કેન્દ્રીય મંત્રીમંડળ અને વિવિધ રાજ્યોના મુખ્યમંત્રીઓ તેમ જ પક્ષના નેતાઓને ઉતારીને તેમ જ વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને કેન્દ્રના ગૃહમંત્રી અમિત શાહ ધામા નાંખીને પડયા છે. પહેલી વાર એવું બન્યું છે કે સમગ્ર મીડિયા મોદીની પાર્ટીને જીતાડે છે છતાં એમની ચૂંટણી સભાઓમાં પાંખી હાજરી જોવા મળે છે. ભાજપને મદદ કરવા આવેલા આમ આદમી પાર્ટી અને બીજા પક્ષોની સભાઓની જનમેદની આંખો ફાટી જાય તેવી છે.શરૂમાં એમણે મુદ્દા આધારિત ચૂંટણી લડવાની વાતો કરી પણ પછી ભાજપના હિંદુત્વની સ્પર્ધામાં હોય કે અનુકૂળ હોય એવી ચાલ શરૃ થઈ. જોકે સમયાંતરે એમનો જનપ્રભાવ ઓસરતો લાગે છે અને સ્પર્ધા ભાજપ તથા કોંગ્રેસ વચ્ચે જ હોવાનું સ્વયં વડાપ્રધાન મોદી પણ સ્વીકારે છે. કોંગ્રેસ સ્થિતપ્રજ્ઞ કે ગજગામી અવસ્થામાં લાગે છે. કન્યાકુમારીથી કાશ્મીર સુધીની પદયાત્રાએ નીકળેલા અને ભવ્ય સમર્થન મેળવતાં મહારાષ્ટ્ર ખૂંદી વળીને મધ્યપ્રદેશમાં જતાં રાહુલ ગાંધી ગુજરાતમાં કોંગ્રેસની બે ચૂંટણી સભા સંબોધવા પદયાત્રાના વિરામના દિવસનો ઉપયોગ કરે છે. ભાજપને જીતનો અહેસાસ છે એવું કહેવાય છે છતાં કાર્પેટ બોમ્બિંગની જેમ વડાપ્રધાનની ૨૫ સભાઓ ઉપરાંત અન્યોની સેંકડો સભાઓ યોજાઈ રહી છે. ખેરાતો કરનાર ભાજપના સર્વોચ્ચ નેતા મોદી આમ આદમી પાર્ટીના સુપ્રીમો અરવિંદ કેજરીવાલ રેવડી વહેંચે છે એવું કહે ત્યારે એમનો સન્નિપાત ચોખ્ખો દેખાય છે.*

*સામાન્ય રીતે વિધાનસભાની ચૂંટણી માટે ટિકિટ વહેંચણીમાં કોંગ્રેસમાં ભારે અસંતોષ અને મુખ્યાલય રાજીવ ગાંધી ભવન પર તોડફોડનાં દ્રશ્યો જોવા મળતાં હોય છે. આ વખતે સ્થિતિ ઉલટી છે. કોંગ્રેસ કાર્યાલય પર ભરત સોલંકી સામે વિરોધના મુદ્દે થોડાં પ્રાયોજિત છમકલાંને બાદ કરતાં ભાજપના મુખ્યાલય કમલમ્ પર વધુ વિરોધ અને ટિકિટ મેળવવામાં અન્યાય અંગેની રજૂઆતો જોવા મળી. આમ આદમી પાર્ટી સુરતની થોડી બેઠકો અને સૌરાષ્ટ્રમાં એકાદ-બે બેઠક સિવાય જીતવાની ઝાઝી આશા રાખતી ના હોય એવો માહોલ અંતે સર્જાયો. એ ×વોટકટરા× તરીકે કોંગ્રેસ અને ભાજપ બેઉને નુકસાન કરી ત્રિપાંખિયા જંગમાં ગાજ્યા એટલા વરસ્યા નહીં એવી અવસ્થાએ છે. એ આ વખત પોતાની હાજરી માત્ર રાષ્ટ્રીય પક્ષ તરીકે પોતાની વજૂદ સ્થાપિત કરવા માટે જ મેદાનમાં હોય એવું લાગે છે. જોકે સોશિયલ મીડિયામાં તો આમ આદમી પાર્ટીની સરકાર બની જ ગઈ છે. એના મુખ્યમંત્રી ઈસુદાન ગઢવી જામ ખંભાળિયામાં વિક્રમ માડમ જેવા કોંગ્રેસી મહારથી સામે જીતીને વિધાનસભામાં ૧૨૫ બેઠકો સાથે સરકાર પણ રચી બેઠા છે. ભાજપ માટે મારી તોડીને પણ સરકાર બનાવવી અનિવાર્ય છે કારણ મોદી-શાહની જોડીનું ગુજરાત હાથમાંથી જાય તો દેશ પર શાસન ગુમાવવાના સંજોગો આવે. સોમનાથ દાદાના ચરણોમાં જઈને મોદીએ પોતાના વિક્રમ તોડવામાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સફળ થાય એવી ઘોષણા કરી. મોદીનો વિક્રમ તો ૨૦૦૨માં ૧૨૭ બેઠકોનો હતો.*

## ભારત જોડો યાત્રામાં રાહુલ ગાંધીની માર્શલ આર્ટ સ્કૂલ, ભાજપ અને આરએસએસ પર સાધ્યું નિશાન

ભોપાલ,તા.૨૭

રાહુલ ગાંધીની યુટ્યુબ ચેનલ પર પોસ્ટ કરવામાં આવેલા વિડિયોમાં તેઓ તેમના સાથી મુસાફરો અને પાર્ટીના અન્ય નેતાઓ સાથે બેઠા છે. આ દરમિયાન બધા એકબીજા સાથે વાત કરી રહ્યા છે. દરમિયાન રાહુલ ગાંધીનું કહેવું છે કે તેઓ બતાવશે કે કેવી રીતે દુશ્મનની તાકાતને પોતાની તાકાતમાં બદલી શકાય છે. રાહુલ કહે છે કે ધારો કે આરએસએસ તમારા પર પૂરી તાકાતથી હુમલો કરે.

આવી સ્થિતિમાં, તમે તે શક્તિને તમારી શક્તિમાં કેવી રીતે ફેરવશો? તેણે કહ્યું કે તે આ સિદ્ધાંત બતાવશે. આ પછી રાહુલ ઊભો થઈને ઊભો થઈ ગયો. તે કોંગ્રેસના એક નેતાને ઘૂંટણિયે પડવા કહે છે અને પછી સામેથી તેના ખભાને ધક્કો મારે છે. આ પછી કોંગ્રેસ નેતા સંતુલન ગુમાવે છે. આના પર રાહુલનું કહેવું છે કે આવા દબાણને સહન કરી શકાય નહીં.

આ પછી રાહુલ ગાંધી કહે છે કે હવે હું તમને કહીશ કે બીજાની તાકાતને તમારી તાકાત બનાવવા માટે તમારી જાતને કેવી રીતે સ્થાન આપવું. ત્યાર બાદ તે કોંગ્રેસ નેતાને પગ પહોળા કરીને બેસવાનું કહે છે અને પોતાનું વજન આગળ રાખે છે. પછી તે બીજા નેતાને બોલાવે છે અને તેને ધક્કો મારવાનું કહે છે.

### હાશ

ઉદર ખાલીખમ છે,
એટલે ઉપવાસ છે.
શું આટલો પ્રેમ છે ?
એટલે ઉપહાસ છે.
સામ સામા છેડે છે,
એટલે સહવાસ છે?
શું ચરણો ચાલ્યા છે?
એટલો જ પ્રવાસ છે!!
કોઈની કૂથલી કરી,
હવે જ સાચી હાશ છે!!
ભરત વૈષ્ણવ
૨૭.૧૧.૨૦૨૧.# કવિતા

# છૂટાછેડા નું કારણ-? પરીક્ષામાં ચોરી

અદાલતના જજ કે વકીલ કાળો લાંબો ગાઉન પહેરે તેવા ગાઉન રાજુએ ઠઠાડ્યો હતો. હાથમાં કાયદાના થોથાં હતા! રાજુ નકારમાં માથું ધુણાવતો આવતો હતો.

" મિ. લોર્ડ આવું ક્ષુલ્લક કારણ? ઈટ ઈઝ ફસર્ટ ટાઈમ ઈન ધી હિસ્ટ્રી ઓફ કોર્ટ"રાજુએ મને જજ માની લીધો કે શું?

" રાજુ તું શેની વાત કરે છે? ધડમાથા વગરની વાત ન કર. સમજાય તેવી વાત કર" મેં રાજુને કડકાઈથી કહ્યું.

"ગિરધરભાઇ . લગ્ન તો ઉપરથી નક્કી થાય છે અને ધરતી પર તેની વિધિ પૂરી થાય છે. આ બધું તો સમજ્યા પણ છૂટાછેડા, ફારગતી , લખણું, ડીવોર્સની વિધિ પાતાળમાં થતી હશે કે શું? " રાજુએ પૂછ્યું.

" રાજુ. લગ્ન પછી પતિ-પત્ની વચ્ચે કારણ અકારણ સંઘર્ષ થાય, ગૃહયુધ્ધ થાય, એક છત નીચે રહેલા છતાં પાણી અને પેટ્રોલ મિકસ ન થાય.માતાપિતા, સગાસંબધી, મિત્રો સુલેહ માટે પ્રયત્ન કરે પણ તૂટેલ મન ફેવિકોલથી પણ ચોંટતા નથી. પછી શું થાય? વકીલો અને પોલીસ કમાય!! " મેં રાજુને ગૃહયુધ્ધનું વિશ્લેષણ કરી કહ્યું. "ગિરધરભાઇ. તમે માનશો એક વાર મીઠું-નમક કમ ખાય( ગમ વધારે ખાય .એનું કાંઇ નહીં!!) તે જાહેર ન કરવાના કારણે છૂટાછેડા થઇ ગયા!!" રાજુએ પદાર્થ આધારિત ડીવોર્સની વાત કરી. " રાજુ ડોમેસ્ટિક વાયોલન્સ એકટ ગોરધન વિરોધી કાયદો છે. માની લો કે મહિલા અબળા છે. તેને પતિ,સાસુ,સસરા, નણંદ, જેઠ,દિયર, દેરાણી, જેઠાણીના ત્રાસ, હેરાનગતિ સામે રક્ષણ આપવું જોઈએ. એનો ઈન્કાર પણ ન કરાય. પતિને પૂરૂષ હોવા છતાં અબળા હેરાન કરે, જીવન ધૂળધાણી કરી નાંખે તેવા પત્ની પીડીત પતિ માટે કોઇ કોઇ કાયદાકીય જોગવાઈ નથી. બિચારો પત્ની અને કાયદા-ઘંટીના પડ વચ્ચે જીંદગીભર પિસાતો રહે છે. છૂટાછેડાની અરજી કર્યા પછી આ કોર્ટ, પહેલી કોર્ટ, છેલ્લી કોર્ટના ચક્કરમાં ડોસો થઇ જાય તો પણ છૂટાછેડા ન મળે. ઘણીવાર તેના છોકરાના છૂટાછેડા તેના કરતાં વહેલા થાય પણ પેલો બાપડો ભરણપોષણની રકમ ભરતાં ભરતા ખુદ કુપોષિત થઇ જાય.છૂટાછેડા મળે પછી બીજે છેડા જોડવાની શક્યતા બચી ન હોય!! "મેં પુરુષોની કરૂણ દાસ્તાન વર્ણવી.

"ગિરધરભાઇ . તમે પરીક્ષામાં ચોરી કરવાના કારણે છૂટાછેડા થયા હોવાનું કદી સાંભળ્યું છે?" રાજુએ અઘરો સવાલ પૂછ્યો.

" રાજુ. છૂટાછેડા માટે છોકરી કાળી પડે, જાડી પડે, નીચી પડે, અભણ પડે, ગરીબ પડે,આડા સંબંધો હોય, દહેજ ઓછું પડે, આંખ ત્રાંસી હોય વગેરે કારણો હોય. છોકરી સાટામાં આપેલ હોય તો એકને દુખ પડે કે તકલીફ તો બીજાને પણ તકલીફ પડે. છોકરો નામર્દ હોય, છોકરો બીજી સાથે લફરું હોય એટલે છૂટાછેડા થાય. સંયુક્ત કૂટુંબમાં રહેવાની રામાયણ હોય. પણ પરીક્ષામાં ચોરી કરવાથી કોઇનો સંસાર બગડે એવું સાંભળ્યું નથી" મેં રાજુને કહ્યું .

"ગિરધરભાઇ . પરીક્ષામાં ચોરી એ ચોરી થોડી કહેવાય? અમુક ગામમાં તો લાઉડ સ્પીકર પર સવાલનો જવાબ લખવાનું સદાવ્રત ચલાવે છે. બિહારના પટણામાં નિશાળના બીજા માળની બારી બહાર લટકી છોકરાઓને લિફ્ટ કરા દેનું કામ કરે તે કંઇ ગુનો થોડો છે? અમુક પરીક્ષા સેન્ટરો તો પરીક્ષા ચોરીની સાત્વિક પ્રવૃતિના લીધે ફૂલ્યાફાલ્યા છે!! નડીયાદ, ગોંડલ, ગોધરા, સાવરકુંડલા આધુનિક પરીક્ષા ચોરીના તીર્થધામ છે!!પરીણામાં તમને શું આવડે છે તેના કરતાં શું નથી આવડે છે તેની પરીક્ષા લ્યો તો છોકરા ચોરી ન કરે તો શું કરે? યુપી, બિહારમાં એક એરંડામાં યુનિવર્સિટી ચલાવે છે તે શીનાજોરી નથી!!"રાજુએ શિક્ષણક્ષેત્રનું પેપર લીક કર્યું!!

" રાજુ પેલા ડોકટરે તો તેની પત્નીએ પરીક્ષા ચોરી કરી તેની શરમ થોડી અનુભવવાની હોય?? તેણે જવેલર્સની દુકાનમાંથી પંદર તોલા સોનું તફડાવ્યું હોય તો શરમ અનુભવે તે બરાબર કહેવાય?! ઉધ્યોગપતિ બેંકોમાંથા કરોડોની લોન લઇ લોન ભરે એ તો પરીક્ષા ચોરી કરતાં મોટી ચોરી હોવા છતાં કોલર ઊંચા કરી દેશમાં ફરે છે કે વિદેશ ભાગી જાય છે.શેરબજારમાં સટો કરી બજારને રવાડે ચડાવી લોકોના રૂપિયાનું પાણી કરનારની નાલાયકી પરીક્ષામાં ચોરી કરે તેના કરતાં ખરાબ જ કહેવાય!! ગર્લફ્રેન્ડને મોજ કરાવવા નાનીમોટી ચોરી કરે તે શું છે? પેલાં ડોકટરે તેની પત્ની ગ્રેજયુએટ થાય તેવું છચ્છે તો પરીક્ષાયજ્ઞમાં ચોરીના સમિધ હોમવામાંશનો વાંધો લેવો જોઈએ? ઉલ્ટાનું તેણે નોટબુક , ગાઈડ, અપેક્ષિત, સ્પોર સંજેશનની રીડકશન કોપી કરી પર્સમાં , સેન્ડલમાં, બાથરૂમમાં મુકવાની માઈક્રો પ્લાનનિંગમાં મદદ કરવાની પતિ તરીકેની સપ્તપદીમાં લીધેલ પ્રતિજ્ઞાનું પાલન કરવું જોઈએ કે નહીં??" મેં ડોકટરને આદર્શ ગોરધન ( એટલે કે પતિ તરીકેની ફરજ. પતી લખો તો પણ વાંધો નહીં. લગ્ન કરે એટલે પતિ પતી જ જાય છે.)ની ફરજો યાદ કરાવી.

"ગિરધરભાઇ . પેલા ડોકટર મહાશય મેડીકલ રિપ્રેઝેન્ટીવ પાસેથી સેન્પલની દવા વેચી નાંખે, મેડીકલ સ્ટોરના લેટરપેડ પર દવા લખે, ફાર્માસ્યુટિકલ કંપનીએ આપેલ ગિફટ વાઉચરથી સિંગાપુર, થાઈલેંન્ડ ફરી આવે, સેમિનારમાં જઈ આવે , ફ્રી સીટમાં ભણીને દર્દીને ચીરી નાંખે તેના કરતાં પરીક્ષામાં ચિઠ્ઠી ચપાટીથી તેની સામાજિક પ્રતિષ્ઠાને અસાધ્ય નુકસાન જવાની ગેરમાર્ગે દોરનાર દલીલ કહેતા ભી દિવાના સુનતા ભી દિવાના ન કહેવાય? " રાજુએ ડોકટરની માન્યતાનું ડીસેકશન કર્યું!! રાજુ. ડોકટર તો સમજ્યા પણ પરીક્ષામાં કરેલી ચોરીને પ્રતિષ્ઠા પર કુઠુરાઘાત ગણી છૂટાછેડા મંજૂર કરનાર જજસાહેબની પેન-કલમ કેમ તૂટી ન ગઈ?"

રાજુ ચોધાર આંસુએ રડી પડ્યો.

ભરત વૈષ્ણવ
૨૮.૧૧.૨૦૨૧.# હાસ્યલેખ

### સંસદનું શિયાળું સત્ર ૭ ડિસેમ્બરથી શરૂ થશે.

# કેન્દ્ર સરકાર અનેક મહત્વના બીલ રજૂ કરવાની તૈયારી કરી રહ્યા છે

### લોકસભા અને રાજ્યસભાએ અલગ-અલગ જાહેરનામું બહાર પાડ્યું છે.

નવીદિલ્હી,તા.૨૭

સંસદનું શિયાળું સત્ર ૭ ડિસેમ્બરથી શરૂ થશે. સરકાર ઘણા મહત્વના બીલ રજૂ કરવાની તૈયારી કરી રહ્યા છે. આ અંગે મળતી જાણકારી સરકાર જન્મ અને મરણનો ડેટાબેઝ રાષ્ટ્રીય જનસંખ્યા રજિસ્ટર અપડેશનની મંજૂરી મેળવવા માટે બીલ રજૂ કરી શકે છે. આ બીલ રજિસ્ટ્રાર જનરલ ઓફ ઈન્ડિયાના જન્મ અને મૃત્યુ ડેટાબેઝ જાળવી રાખવા અને એનપીઆરના અપડેટ કરવાની મંજૂરી આપે છે. જન્મ અને મૃત્યુની નોંધણી અધિનિયમ, ૧૯૬૯ માં સુધારો કરવા માટેનો ડ્રાફ્ટ બિલ ગયા વર્ષે ઓકટોબરમાં ગૃહ મંત્રાલય દ્વારા જાહેર ટિપ્પણીઓ અને સૂચનો માટે રજૂ કરવામાં આવ્યો હતો. પ્રસ્તાવિત બિલ મુજબ, ડેટાનો ઉપયોગ મતદાર યાદી, આધાર ડેટાબેઝ, રેશન કાર્ડ,



પાસપોર્ટ અને ડ્રાઈવિંગ લાઈસન્સ અપડેટ કરવા માટે પણ કરવામાં આવશે.

સર્વપક્ષીય બેઠક સંસદના શિયાળુ સત્રની શરૂઆતના એક દિવસ પહેલા સરકારે સર્વપક્ષીય બેઠક પણ બોલાવી છે. ૬ ડિસેમ્બરના રોજ તમામ રાજકીય પક્ષોની બેઠક મળશે, જેમાં સત્રની સંભવિત વિધાનસભાની કામગીરી અને મહત્વપૂર્ણ મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવશે. સંસદીય બાબતોના પ્રધાન પ્રહલાદ જોશીએ લોકસભા અને રાજયસભામાં રાજકીય પક્ષોના નેતાઓને આમંત્રણ મોકલ્યા છે.

સંસદનું શિયાળુ સત્ર ૭ ડિસેમ્બરથી શરૂ થશે અને ૨૯ ડિસેમ્બરના રોજ સમાપ્ત થશે. આ સત્રમાં ૧૭ બેઠકો થશે. લોકસભા અને રાજ્યસભાએ અલગ-અલગ જાહેરનામું બહાર પાડ્યું છે. આ દરમિયાન મહત્વની તારીખોની વિગતો પણ જાહેર કરવામાં આવી છે. સરકારે ૫ ડિસેમ્બરના રોજ રાષ્ટ્રપતિ ભવન ખાતે તમામ રાજકીય પક્ષોના વડાઓની બેઠક બોલાવી છે. આમાં સરકાર રાજકીય પક્ષોને જી-૨૦નું અધ્યક્ષપદ સંભાળવા માટે ભારતની રણનીતિ વિશે માહિતગાર કરશે. આ ખાસ બેઠકમાં હાજર રહેવા તમામ રાજકીય પક્ષોના પ્રમુખોને આમંત્રણ પત્રો મોકલવામાં આવ્યા છે.વડાપ્રધાન મોદી પણ થઈ શકે છે શામેલ સરકાર વતી વડાપ્રધાન નરેન્દ્ર મોદી, વિદેશ મંત્રી એસ જયશંકર, રાજ્યસભામાં ગૃહના નેતા પીયૂષ ગોયલ અને સંસદીય બાબતોના મંત્રી પ્રહલાદ જોશી બેઠકમાં હાજરી આપશે. જી-૨૦ શેરપા અમિતાભ કાંત પણ આ બેઠકમાં હાજરી આપે તેવી શક્યતા છે. ભારત ૧ ડિસેમ્બરથી એક વર્ષ માટે જી-૨૦નું પ્રમુખપદ સંભાળશે.

## રાજસ્થાનમાં રમાયો ખુની ખેલઃ સૂતેલા પરિવાર પર અંધાધૂંધ ફાયરિંગ, ૩ ભાઈઓના ઘટના સ્થળે જ મોત

જયપુર,તા.૨૭

પોલીસે મૃતદેહોને સ્થાનિક હોસ્પિટલના શબઘરમાં રાખ્યા છે. ઘટના બાદ આરોપી સ્થળ પરથી ફરાર થઈ ગયો હતો. ઘટનાને પગલે ત્યાં ભારે તંગદિલી ફેલાઈ ગઈ હતી. ઘટનાસ્થળે ભારે પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે. પોલીસ અને પ્રશાસનના ઉચ્ચ અધિકારીઓ પણ ઘટના સ્થળે પહોંચી ગયા છે.

પોલીસના જણાવ્યા પ્રમાણે આ ઘટના ભરતપુર જિલ્લાના કુમ્હેર પોલીસ સ્ટેશન વિસ્તાર હેઠળના સિકરૌરા ગામમાં બની હતી. ત્યાં બંને પક્ષો વચ્ચે પરસ્પર તકરારને લઈને મારામારી થઈ હતી. જેના પર એક તરફથી એક યુવકે તેના સાથીદારો સાથે મળીને સૂતેલા પરિવાર પર ગોળીબાર કર્યો હતો. જેમાં ત્રણ સગા ભાઈઓનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું અને બે મહિલાઓ સહિત એક યુવક ગંભીર રીતે ઘાયલ થયો છે. ગોળીઓના અવાજથી ગામમાં દોડધામ મચી ગઈ હતી. ઘટના બાદ આરોપી સ્થળ પરથી ફરાર થઈ ગયો હતો.બાદમાં ગ્રામજનોએ તાત્કાલિક પોલીસ પ્રશાસનને જાણ કરી અને ઘાયલોને સ્થાનિક હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા. ત્યાંથી તેને પ્રાથમિક સારવાર આપવામાં આવી અને ગંભીર હાલતમાં જયપુર રિફર કરવામાં આવ્યા. પોલીસ અને વહીવટી અધિકારીઓ ભારે પોલીસ ફોર્સ સાથે ઘટનાસ્થળે પહોંચી ગયા હતા અને ઘટનાની સંપૂર્ણ માહિતી લીધી હતી.

પ્રાપ્ત માહિતી પ્રમાણે ૩ દિવસ પહેલા લખન અને તનપાલ વચ્ચે ઝઘડો થયો હતો. જે બાદ મોડી રાત્રે લખન તેના સાથીદારો સાથે પહોંચી ગયો હતો અને તનપાલના પરિવાર પર અંધાધૂંધ ફાયરિંગ કર્યું હતું. આમાં ત્રણ સગા ભાઈઓ ગજેન્દ્ર, સમંદર અને ઈશ્વર સિંહ મૃત્યુ પામ્યા હતા. આ ઉપરાંત મૃતક ગજેન્દ્રનો પુત્ર તનપાલ અને તેની માતા અને એક મહિલા ગંભીર રીતે ઘાયલ થયા છે. પોલીસે સમગ્ર મામલાની તપાસ હાથ ધરી છે. ગામમાં તંગદિલીભરી સ્થિતિને જોતા ત્યાં ભારે પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે. હાલ આરોપીનો કોઈ સુરાગ નથી મળ્યો.

# ઈમામોને વેતન ચૂકવવાનો સુપ્રીમનો ૧૯૯૩નો ચુકાદો બંધારણનો ભંગઃ મુખ્ય માહિતી કમિશનર

નવીદિલ્હી,તા.૨૭

મસ્જિદોના ઈમામોને વેતન ચૂકવવાની મંજૂરી આપતો સુપ્રીમ કોર્ટનો ૧૯૯૩નો ચુકાદો બંધારણનો ભંગ છે અને તેને કારણે સમાજિક વિસંવાદિતતામાં વધારો થયો હોવાનું કેન્દ્રીય માહિતી પંચ (સીઆઈસી)એ જણાવ્યું છે. પંચના જણાવ્યાં અનુસાર સુપ્રીમ કોર્ટના આ ચુકાદાએ ખોટું ઉદાહરણ પ્રસ્થાપિત કર્યું છે અને તેના કારણે બિનજરૂરી રાજકીય વિવાદ પણ સર્જાઈ રહ્યાં છે.દિલ્હી સરકાર અને દિલ્હી વકફ બોર્ડ દ્વારા ઈમામોને અપાતા વેતનની માહિતી માગતી એક જાહેર હિતની અરજી (પીઆઈએલ)ની સુનાવણી દરમિયાન મુખ્ય માહિતી કમિશનર ઉદય માહુરકરે જણાવ્યું હતું કે સુપ્રીમ કોર્ટનો ચુકાદો બંધારણીય જોગવાઈઓનો ભંગ કરે છે. કરદાતાઓના નાણાં કોઈ એક ચોક્કસ ધર્મની તરફેણ માટે ના વપરાવા જોઈએ. ૧૯૯૩માં ઓલ ઈન્ડિયા ઈમામ ઓર્ગેનાઈઝેશનની અરજી પર સુપ્રીમ કોર્ટે વકફ બોર્ડને તેના દ્વારા સંચાલિત મસ્જિદોમાં ઈમામોને મહેનતાણું આપવાનો આદેશ કર્યો હતો. કેન્દ્ર અને રાજ્ય



સરકારની તિજોરીમાંથી અપાતા માસિક વેતન તથા અન્ય મામલાઓમાં તમામ ધર્મના પૂજારીઓને એક સમાન સ્તરે લાવવા માટે બંધારણની કલમ ૨૫થી ૨૮ની જોગવાઈઓનો અમલ સુનિશ્ચિત થાય તે માટે આવશ્યક પગલાં લેવા માટે મુખ્ય માહિતી કમિશનરે તેમના આદેશની એક નકલ કેન્દ્રીય કાયદા પ્રધાનને મોકલવાનો નિર્દેશ આપ્યો હતો.

માહુરકરે વધુમાં જણાવ્યું હતું કે ઓલ ઈન્ડિયા ઈમામ ઓર્ગેનાઈઝેશન' વિરુદ્ધ ભારત સરકાર અને અન્યોના કેસમાં ૧૩ મે, ૧૯૯૩ના રોજના સુપ્રીમ કોર્ટના ચુકાદાએ માત્ર મસ્જિદના ઈમામો અને બાંગીઓ માટે સરકારી તિજોરીમાંથી વિશેષ નાણાકીય લાભોના દ્વાર ખુલ્લા મુક્યા હતાં. પંચે એવુ પણ અવલોકન કર્યું હતું કે દેશની સર્વોચ્ચ અદાલતે આ આદેશ પસાર કરી બંધારણની જોગવાઈઓનો, અને ખાસ કરીને કલમ ૨૭નો કર્યો છે.

બંધારણની કલમ ૨૭માં કહેવામાં આવ્યું છે કે કરદાતાઓના નાણાંનો ઉપયોગ કોઈ ચોક્કસ ધર્મની તરફેણ કરવા માટે કરવામાં નહીં આવે.મુખ્ય માહિતી અધિકારીએ જણાવ્યું હતું કે દિલ્હી વકફ બોર્ડ (ડીડબ્લ્યુબી) ને દિલ્હી સરકાર તરફથી વાર્ષિક આશરે રૂ.૬૨ કરોડની ગ્રાન્ટ મળે છે જ્યારે સ્વતંત્ર સ્રોતોથી તેની પોતાની માસિક આવક માત્ર રૂ. ૩૦ લાખની આસપાસ છે.

### સરકાર અને ન્યાયપાલિકા એક જ માતા પિતાના સંતાન : કાયદા મંત્રી રિજિજુ

નવીદિલ્હી,તા.૨૭

છેલ્લા કેટલાક સમયથી સરકાર અને ન્યાયપાલિકા અનેક વિષયો પર અલગ અલગ મત રજુ કરે છે જેનાથી અનેકવાર વિવાદની સ્થિતિ ઉભી થઇ જઇ જાય છે.આ સ્થિતિમાં કેન્દ્રીય કાયદા અને ન્યાય મંત્રી કિરણ રિજિજુએ કહ્યું છે કે સરકાર અને ન્યાયપાલિકતા ભાઇઓની જેમ છે તેમણે પરસ્પર લડવું જોઇએ નહીં

તેમણે કહ્યું કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વવાળી કેન્દ્ર સરકારે કયારેય પણ ન્યાયપાલિકાના અધિકારોને નબળા કર્યા નથી અને તે હંમેશા એ સુનિશ્ચિત કરશે કે તેની સ્વતંત્રતા અછુતી રહે નહીં અને સવંર્ધિત થાય તેમણે કહ્યું કે અમે એક જ માતા પિતાના બાળકો છીએ અમે ભાઇ ભાઇ છીએ પરસ્પર લડવું કે ઝઘડો કરવો યોગ્ય નથી આપણે બધા મળી કામ કરીશું અને દેશને મજબુત બનાવીશું

કાનુન મંત્રીએ કહ્યું કે ભારત હંમેશા ભારતીય ન્યાયપાલિકાનું સમર્થન કરશે અને તેને સશક્ત બનાવશે તેમણે કહ્યું કે બંન્નેએ મળીને કામ કરવું જોઇએ એક બીજાના માર્ગદર્શન કરવું જોઇએ.


## આસામ-મેઘાલયના વિવાદિત સ્થળે છઠ્ઠા દિવસે પણ અશાંતિનો માહોલ, મોટી સંખ્યામાં સુરક્ષા દળો તૈનાત, કર્ફ્યુ યથાવત

ગોવાહાટી,તા.૨૭

આસામ અને મેઘાલય વચ્ચે રવિવારે સતત છઠ્ઠા દિવસે મુસાફરી પ્રતિબંધ સાથે, બંને રાજ્યોની વિવાદિત સરહદ પર ભારે સુરક્ષા દળો તૈનાત કરવામાં આવ્યા છે અને કર્ફ્યુ પણ લાદવામાં આવ્યો છે. આસામ-મેઘાલય સરહદ પર વિવાદિત વિસ્તારમાં થયેલી હિંસામાં છ લોકોના મોત થયા છે. દરમિયાન, આસામ પોલીસે મંગળવારની ઘટના બાદ લોકોને પડોશી રાજ્યમાં મુસાફરી કરવાનું ટાળવાની સલાહ આપતા એક એડવાઈઝરી જાહેર કરી છે. રાષ્ટ્રીય સમાચાર અહીં વાંચો.એક પોલીસ અધિકારીએ જણાવ્યું કે, મેઘાલયમાં હજુ પણ સ્થિતિ સંપૂર્ણપણે શાંત નથી. આસામના લોકો અથવા વાહનો પર હુમલા થઈ શકે છે, તેથી અમે લોકોને રાજ્યમાં મુસાફરી ન કરવા માટે કહી રહ્યા છીએ. જો કોઈને જવુંહોય તો અમે તેમને મેઘાલય રજિસ્ટર્ડ વાહનો દ્વારા જવાનું કહીએ છીએ. અધિકારીઓએ જણાવ્યું કે આસામથી મેઘાલયમાં પ્રવેશવાના બે મહત્વના સ્થળો ગુવાહાટી અને કચર જિલ્લામાં જોરાબત પર પોલીસ નાકાબંધી હજુ પણ છે.જોકે, માલસામાનની વહન કરતી ટ્રક જેવા કોમર્શિયલ વાહનો પર કોઈ નિયંત્રણો લાદવામાં આવ્યા નથી. હિંસાના સ્થળે અને આસપાસના વિસ્તારોમાં ફોજદારી કાર્યવાહી સંહિતાની કલમ ૧૪૪ હેઠળ પ્રતિબંધો લાદવામાં આવ્યા છે. નોંધપાત્ર રીતે, આસામ-મેઘાલય સરહદે પશ્ચિમ કાર્બી આંગલોંગ જિલ્લામાં એક વિવાદિત સ્થળ પર મંગળવારે વહેલી સવારે હિંસામાં વન રક્ષક સહિત છ લોકો માર્યા ગયા હતા. આ અથડામણ ત્યારે થઈ જ્યારે આસામના વન અધિકારીઓ દ્વારા ગેરકાયદેસર રીતે કાપવામાં આવેલા લાકડા વહન કરતી ટ્રકને અટકાવવામાં આવી હતી.મેઘાલયમાં વિવિધ સામાજિક સંસ્થાઓના સભ્યો શનિવારે કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહ અને મુખ્ય પ્રધાન કોનરાડ કે. સંગમા અને અન્યોના પૂતળા બાળવામાં આવ્યા હતા. એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું કે કેટલાક પ્રદર્શનકારીઓ પોલો હિલ્સ પર પહોંચ્યા અને અહીં મુખ્યમંત્રીના નિવાસસ્થાનની બહાર પૂતળા બાળવાનો પ્રયાસ કર્યો. તેમણે કહ્યું કે યુથ કાઉન્સિલ અને અન્ય સામાજિક સંસ્થાઓના સભ્યોએ મુખ્યપ્રધાનના નિવાસસ્થાનની સામે પોલીસકર્મીઓ સાથે ઘર્ષણ કર્યું, જ્યારે પોલીસકર્મીઓએ તેમને વિરોધ પ્રદર્શન કરવાની મંજૂરી આપી ન હતી. જોકે, પોલીસે વિરોધીઓને નજીકના સ્થળે વિરોધ કરવાની મંજૂરી આપી હતી, એમ અધિકારીએ જણાવ્યું હતું.

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક

## સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ



**NOG SS No/0044**

વિષય:- ધર્મ આચરણની સામાજીક અસરો
પ્રકાર:- ગદ્ય
શીર્ષક:- ધર્મ અને સમાજ
શબ્દો:- ,૧૮૦
નામ:- વિભૂતિ દેસાઈ ઘાસવાલા બિલીમોરા.

જન્મ લેવો આપણાં હાથમાં નથી.આપણે જે કુળમાં જન્મ લઈએ એ કુળનો ધર્મ આપણો ધર્મ કહેવાય. બાળક જેમ મોટું થતું જાય એમ પોતાનો ધર્મ સમજતો થાય એટલે જ નાનપણથી જ બાળકને આપણો ધર્મ શું છે એનો ખ્યાલ આપવો જરૂરી. બાળક સમજતું થાય ત્યારથી જ સંસ્કાર સિંચન કરવું જોઈએ.

ધર્મનાં રક્ષણ કાજે પ્રાણ આપનાર વીરલાઓની વાતોથી માહિતગાર કરવા. આપણાં ધર્મમાં વડીલોને, ગુરુજીને, માવતરને આદરમાન આપતાં,

બેન - દીકરીઓનું રક્ષણ કરવાની ફરજ, મહેમાનોનું સ્વાગત વગેરે બાબતો જણાવવી.આ બધાથી માહિતગાર આપણું સંતાન ધર્મ શું છે એ સમજશે, આચરણ કરશે જેને કારણે સમાજમાં શાંતિ જળવાશે.

જ્ઞાતિ મુજબ દરેકનાં અલગ ધર્મ તેમજ પાછાં કેટલાં બધાં સંપ્રદાય.ધર્મગુરુઓ અને

સંપ્રદાયનાં વડાઓને પોતાની મોટાઈ જ સાબિત કરવી છે. કેટલાક ધર્મમાં સ્રીનો પડછાયો પણ વર્જય. ધર્મમાં બંધનો પણ સ્રીઓ માટે જ,જેનો આજની શિક્ષિત નારી વિરોધ કરે જ અને કરવો પણ જોઈએ જ.

પોતાનો જ ધર્મ ચઢિયાતો એ સાબિત કરવાની હોડ લાગી હોય ત્યાં યૌવનધન મુંજાય ત્યારે સમાજની ફરજ છે કે એમને સાચો માર્ગ બતાવે. સંતાનોને રામાયણ અને મહાભારત જેવા પૌરાણિક ગ્રંથો વંચાવવા જોઈએ.આપણો યુવાવર્ગ ધર્મને સમજશે તો જ સમાજ મજબૂત બનશે.

---

**NOG SS No.0059.**

વિષય:ધર્માચરણની આડ અસરો.
પ્રકાર:ગધ્ય- લેખ.
શીર્ષક: સાવધાન?
શબ્દો: ૨૯૦.
શ્ર?જયકાન્ત ઘેલાણી "પ્યારે".

સૌ પ્રથમ ધર્મ એટલે શૂ ?
ધર્મ એટલે વસ્તુ નો ગૂણ !
મુળભુત સ્વભાવ ! જેમકે,
મરચાનો સ્વભાવ જ તીખો છે જે તેનો મૂળભૂત ગુણ જ ગણી શકાય, તીખાસ એ મરચા નો
ધર્મ પણ કહી શકાય.
શાકરનો સ્વભાવ મિઠાસવાળો છે તો શાકરનો ધર્મ મિઠાશ ગણી શકાય,
વસ્તુ નો મૂળભૂત સ્વભાવગૂણ, તે તેનો ધર્મ ગણી શકાય,
આપણાં ભારતવાસીઓ
"સંત અને વિછીની "એક વાર્તા ઘણીજ સારી રીતે જાણેછે, જેમાં
વીંછી નો ડંખ મારવાનો સ્વભાવ છે , તો સંત નો જીવ બચાવવાનો ક્ષમા ગુણ ! જે તે તેનો ધર્મ !

ધરમાચરણની આડ અસરો વિષે લખવુ એટલે સત્યની હથોડી મેજ પર પછાડવ, એક સત્યનિષ્ઠાવાન

ન્યાયધીસની ભૂમિકા ભજવવી, જે આમ જોઈએતો સમાજને આડ અસરોથી સાવધ કરવાની આહલેક જગાવવી !

એક વખતની શરિર શૂધ્ધી માટે સ્નાન આવશ્યક, પણ ધર્મનાં અંચળા નીચે ત્રણ- ચાર વખતનુ સ્નાન એટલે નર્યો પાણીનો બગાડજ, અને તે પણ કુદરતી

મહામૂલી સંપતિ નો બગાડ !

પાણી વગર ટળવળતા લોકોને હળ- હળતો અન્યાય જ !

વિશ્રૃવના કોઈપણ ધર્મમાં હિંસા ને સ્થાન નથી, છતાં લેભાગુ ધર્મગુરુઓ ના કહેવાથી અબોલ પ્રાણીઓ, પશુ-પંખીઓની

કૂરબાની કે ભોગ આપવાની પ્રથા એટલે કૂદરતે જીવવાનો સૌને હકક આપ્યોછે તે,અબોલ ને ઘોર અન્યાય જ ગણી શકાય જે કદી માફ ન થઈ શકે તેવો હિંસા નો અપરાધ જ ગણાય.

મંદિર- મસ્જિદ મા થતો મોટા અવાજે થતો ઘંટારવ કે મસ્જિદમા મોટા અવાજે પોકારાતી બાંગ પણ અવાઝ

પ્રદૂષણ નો અપરાધ જે કહેવાય.

ધર્મના નામે થતાં નાની મોટી તપસ્યા બાદ થતા મસમોટા ખર્ચે થતી ઉજવણિઓ પણ સામાજીક અપરાધજ ગણાય !

ટૂંક મા લખી શકાય કે આજે સમસ્ત વિશ્રૃવમાં ધર્માચરણના ના નામે થતા અનેક કર્મ-કાંડ

અનેક દોષોનુ જન્મસ્થાન છે, અને તે ખોટા આચરણની દૂરગામી તેમજ હંગામી ઘણી ખોટી આડ અસર થાયજ છે,

જેને તોડવી અને છોડવી તે ધર્મના સાચાં અનૂયાયીની પ્રથમ ફરજ બનેછે.

ચાલો પ્યારે',ઉઠાવો બાણ.મેદાને, છેડો,જગં સત્યધર્મનો વિશ્રૃવસ્તરે.
©જયકાન્ત ઘેલાણી-- પ્યારે".

---

**NOG SS NO- 0088**

વિષય- ધર્માચરણની સામાજિક અસરો
પ્રકાર- ગદ્ય/ લેખ
શીર્ષક- જ્યાં ધર્મ છે ત્યાં જય છે
નામ-ડૉ. મનીષા વ્યાસ

આપણાં બંને આદિ મહાકાવ્યો રામાયણ અને મહાભારત આપણને માનવ મૂલ્યોનો બોધ કરાવે છે. વ્યાસજી રચિત મહાભારતનો તો કેન્દ્રવર્તી ઉપદેશ જ માનવધર્મના કર્તવ્યનો છે.

મનુભાઈ પંચોલી એ એમના "મહાભારતનો મર્મ" પુસ્તકમાં લખ્યું છે કે... "મહાભારતમાં ધર્મ શબ્દ સૌથી વધારે વપરાયો છે. શ્રીમદ્ ભગવત ગીતામાં ધર્મનું સમગ્ર સ્વરૂપ સર્વાંગ સુંદર રીતે મૂક્યું છે. ફળની પ્રત્યેક પેશીમાં જેમ રસ ફેલાયેલો છે તેમ ધર્મરસથી મહાભારતના અઢારે પર્વ વ્યાપ્ત છે."

ધર્મ એટલે કોઈ સાંપ્રદાયિક કર્મકાંડ નહીં પણ વ્યાપક અર્થમાં માનવધર્મ

મહાભારત કહે છે ---

★"धारणाध्दर्म इत्याहुः धर्मो धारयते प्रजाः।★
★यत्साद्धारण संयुक्तंस धर्म इति निश्चय।।"★
(મહા.૧૨.૧૧૦.૧૧)

શ્લોકનો અર્થ જોતાં...

"ધારણ કરાય તે ધર્મ, ધર્મ પ્રજાને ટકાવી રાખે છે. જે કંઈ પ્રજા ધારણ કરવા સક્ષમ હોય અથવા જેનાથી પ્રજા જીવન ટકે એમ હોય એને ધર્મ કહેવાય"

ઉપરોક્ત શ્લોક બૃહદ અર્થ નિષ્પન્ન કરે છે. ધર્મ એ સંકુચિત હોય જ ના શકે. ધર્મના આચરણ થકી માનવીય નૈતિક મૂલ્યોનું પ્રગટીકરણ થઈને, સમગ્ર માનવજાતનો સર્વાંગી વિકાસ સધાય છે અને જળવાય છે.

ધર્મના આચરણ વડે.. માનવીમાં નીતિમત્તા, નીડરતા, શિસ્ત, માનવીય અભિગમ, પરસ્પરના સહસંબંધો, સ્વભાવમાં ઋજુતા, ખેલદિલી, ગાંભીર્ય, કર્તવ્યનિષ્ઠા, પરોપકારીતા જેવા માનવ જીવનના પાયાના ગુણો વિકસે છે. જીવનપર્યંત માનવજાતમાં તે સ્થિર થઈને આગવા વ્યક્તિત્વ ઘડતર સાથે સુચારું સમાજવ્યવસ્થાનો તે નિર્માતા બને છે.

ધર્મને સંકુચિત વાડામાં બાંધી ધાર્મિક વૈમનસ્ય ઊભાં કરવાને બદલે "માનવધર્મ પરમો ધર્મ" તરીકે સ્વીકારવું જોઈએ.. ધાર્મિક ક્રિયાકાંડો કે આડંબર છોડી દરેક માનવી ઈશ્વરનો અંશ છે માનીને માનવસેવા થકી સ્વધર્મનું આચરણ કરવું જોઈએ..

આત્માને નિજાનંદ આપે તે ધર્મને સદાકાળ સેવવો જોઈએ. અને એટલે જ મહાભારતનું શ્રુતિફળ -- "यतो धर्मस्ततो जयः।।" અર્થાત્ - જયાં ધર્મ છે ત્યાં જય છે તેથી જ નિઃસંદેહ સૌ માનવધર્મને અનુસરીએ અને <u>वसुधैव कुटुंबकम्</u> ભાવના થકી પરસ્પર મૈત્રીભાવ સાથે માનવતાની મહેક પ્રસરાવીએ.

---

**NOG SS No.0081**

વિષય: ધર્માચરણની સામાજિક અસર
પ્રકાર : ગદ્ય
શીર્ષક: ધર્માચરણ એટલે સુદૃઢ રાષ્ટ્ર
શબ્દો: ૩૪૬

સામાન્ય રીતે ધર્મ એટલે કર્તવ્ય કે ફરજ. ધર્મ એટલે ગુણ, સ્વભાવ અને લક્ષણ. આપણા ચિંતકોએ ધર્મ વિશે ખૂબ ગહન ચિંતન કરીને ધર્મનો સાચો અર્થ જણાવ્યો છે. બીજાં ધર્મના માણસોને અપમાનિત કરવા, તેમને કનડવા- આ સઘળું અધર્મ છે. બધાં જ ધર્મો સત્ય, પ્રેમ, દયા અને અહિંસાને આદર્શ માને છે. ત્યારે એક ધર્મનો માણસ, બીજા ધર્મના માણસ સાથે અસહિષ્ણુતા દાખવે, દ્વેષ કેળવે તો તે સત્ય નથી, પ્રેમ નથી. કરુણા નથી સર્વ ધર્મો પ્રત્યે આદર અને સમભાવ રાખવો એ જ ' ધર્મ' શબ્દને ચરિતાર્થ કરે છે.આની સામાજિક અસર જ સમતા અને શાંતિ ફેલાવી શકે.

ધર્મમાં સત્ય, અહિંસા, પરોપકાર જેવા દૈવી ગુણોનો સમન્વય થયેલો છે. આવાં ગુણોને આત્મસાત કરી યથોચિત જીવનવ્યવહાર કરવો એનું નામ છે ધર્માચરણ. સંસારમાં રહી મનુષ્ય પોતાનાં કર્તવ્યો સત્ય, અહિંસા, પ્રેમ અને દયા દાખવીને અદા કરે તે ધર્માચરણ. વળી પોતાનો ધર્મ જ વધુ ફેલાય એવા દુરાગ્રહ દુરાચરણ તરફ લઈ જાય છે જે સમાજ,દેશ અને વિશ્વ માટે ભયજનક છે.

કોઈ 'વેદ' ન સમજે તો વાંધો નહીં પરંતુ 'વેદના' સમજે ધર્મ છે. કરુણા, સહાનુભૂતિ એ ધર્મ છે.. સમાજનાં વંચિત માણસોને સન્માન આપવું , દીન-દુઃખિયાંની સેવા થાય તે ધર્માચરણ છે.આની સામાજિક અસર માનવતાની સુગંધ ફેલાવે છે. પુષ્પમાં સુગંધ અદશ્ય હોય છે પણ વર્તાય છે તેમ પ્રકારે ધર્મૈ યોગ્ય આચરણથી વર્તાય છે. ધર્મ સ્વયં પરમાત્માનું સ્વરૂપ છે.

ધર્મ મનુષ્યને કર્તવ્યોન્મુખ બનાવે છે. ધર્મની રક્ષા એટલે તેને સાચી રીતે જીવનમાં ઉતારવો, ડરીને નહીં પણ સમજીને.. જો પ્રગતિશીલ ચિંતન સાથે ધર્માચરણને અપનાવાય સમાજની ઘણી વિષમતા દૂર થઈ જાય.

ઉપનિષદોમાં કહ્યું છે કે ધર્મ જે વિશ્વને ધારણ કરે છે. એને કંઠસ્થ કરવા કરતાં એમને સમજીને આચરણ ધર્મનું પાલન છે,રક્ષણ છે.ધર્મ એ આડંબર નહીં આચરણ છે.

હૃદયમાં સત્યનો આગ્રહ અને વિવેકી વર્તન તેમજ સમતા ભર્યો જીવનવ્યવહાર, પરોપકાર એ ધર્મ છે. ધિક્કાર કરવો એ અધર્મ છે, ઈશ્વરમાં શ્રદ્ધા રાખવી એ ધર્મ છે.

ભગવાન બુદ્ધે કહ્યું છે કે તમારી વિવેક બુદ્ધિથી જ્ઞાનને બરાબર કસી સ્વીકારવા જેવું હોય,આચરવા જેવું હોય તો જ અપનાવવું. ધર્માચરણમાં જો પૈસાનો વ્યવહાર થતો હોય ત્યાં આસક્તિ હોય એટલે ત્યાં શાંતિ ન હોય અને પરમ શાંતિ વિના પરમાત્મા હાજર ન હોય. તેથી સ્વસ્થ સમાજ માટે સમજપૂર્વક અપનાવાયેલ જ્ઞાન જરૂરી છે જે આચરણનું સુઘડ માર્ગદર્શન કરી શકે અને એક સુદૃઢ રાષ્ટ્ર રચી શકે.

#©માયા દેસાઈ
મુંબઈ ભારત.

---



ભૂલવું પડે છે.
ક્યારેક અકારણ હસવું પડે છે,
ક્યારેક અકારણ રડવું પડે છે.
અણગમતા સ્પર્શને માણવો પડે છે,
મનગમતા સ્પર્શને છોડવો પડે છે.
હજી જીવવાની છે તમન્ના બાકી,
ખુદ માટે ઝગડવું પડે છે.
કોઈક ગમતાને ભૂલવું પડે છે,
કોઈકનાં માટે જીવવું પડે છે.
નસીબમાં હોય એ મળે માનવ,
'સુની' આંખે જગ જોવું પડે છે.
સુનિતા મહાજન.'સુની'

---



જાઉં છું હમણાં !
નવેસર એકડો ઘૂંટવા નિશાળે જાઉં છું હમણાં,
અહીં ઊભો રહીને પૂર્વકાળે જાઉં છું હમણાં !
મને પોતાને જોઉં છું ક્ષણેક્ષણ જન્મતો-મરતો,
ને પાછો હું જ જીવનની વચાળે જાઉં છું હમણાં !
કર્યા ગઈ કાલ દરિયે ખેલ કેવા એ ભૂલી જઈને,
હું મારા નામની નૌકા ઉછાળે જાઉં છું હમણાં !
પવનને કરવી હો જે પણ પવનકારી ભલે કરતો,
થઈને પાન પાંગરવાની ડાળે જાઉં છું હમણાં !
ઘણીયે વાર લાગ્યું એમ કે હું પણ પરાયો છું,
ભરી ધરતી મૂકીને મનના માળે જાઉં છું હમણાં !
તમે હદમાં રહો એવું કહીને હદ વટાવી તો,
હું હદ ઓળંગવા અનહદની પાળે જાઉં છું હમણાં !
કદી તો ખુલશે, કડકડ અવાજો આવશે 'હર્ષદ',
એ આશે બંધ દરવાજાના તાળે જાઉં છું હમણાં !
- હર્ષદ ત્રિવેદી (ગાંધીનગર)

---



લખ્યા છે અક્ષરો જે પાન પર એ ફાડવું શું કામ?
ભલે મહેંકે, પ્રણય કો'નામ એનું પાડવું શું કામ?
પરિઘ મારો હવે એ હદ પરે જઈ વિસ્તર્યો છે દોસ્ત
ચહે દેવા તો ઉપવન દે,ફકત એક ઝાડવું શું કામ!
ગળ્યા વિના ગળે ઉતારવાનું આવડી ગ્યું છે
ભલે મળતાં અવિરત દર્દ,એને ગાળવું શું કામ!
ગઝલ મારા જીવનની વહી ગઈ છે સાત દરિયા પાર
રદીફ ને કાફિયા, મત્લા હવે કાંઈ જાળવું શું કામ?
તમસ પણ કૈકના દિલની અમૂલી સાહ્યબી પેખી
હવે 'દીપ'ને કરીને યત્ન નાહક ખાળવું શું કામ?
કુલદીપ ઠક્કર 'દીપ'(ધારા ગુજરાત)

---



જરા જીંદગી છે ને લાખો દરદ છે.
તમે ખુશ રહો, એ જ મારી અરજ છે.
મને છોડીને આગળ તમે જઈ શકો છો.
જવાનું બધાનું અમારે સહજ છે.
તરસના લીધે જે જીવી ના શક્યો ઝાઝું,
એના નામ પાછળ હવે બે પરબ છે.
નથી ક્યાંય દિલમાં તમારી હયાતી,
છતા ધબકે છે દિલ અમારું,ગજબ છે.
'મુકો' એમ દુનિયા નથી છોડવાનો.
'મુકા' પર ઘણી જિંદગીનું કરજ છે.
-મુકેશ પરમાર 'મુકુંદ'. (સુરેન્દ્રનગર)

---



તે એકજ
તું કોણ અને હું કોણ સમજે છે તે એકજ,
આથી, કર્મનો જવાબ આપશે તે એકજ,
મૌનની ભાષા સમજે છે તે એકજ,
આથી, હિસાબ સાચો કરશે તે એકજ,
લાગણીઓની રમત સમજે છે તે એકજ,
આથી, સાચું સુખ-દુઃખ આપતો તે એકજ,
રમત રમાડનારને સમજે છે તે એકજ,
આથી, જંગમાં જીતાડનાર તે એકજ,
મૌનની ભાષા સમજે છે તે એકજ,
આથી, હિસાબ સાચો કરશે તે એકજ.
મનોજ નાવડીયા

---

## જયનારાયણ વ્યાસનો કોંગ્રેસને ટેકો:સિધ્ધપુરમાં કોંગ્રેસના ઉમેદવારને ટેકો જાહેર કર્યો હતો

સિધ્ધપુર,તા.૨૭

ગુજરાતના ભૂતપૂર્વ આરોગ્ય મંત્રી અને ભાજપના વરિષ્ઠ નેતા જયનારાયણ વ્યાસે ભાજપમાંથી રાજીનામું આપ્યું હતું. ત્યારે ૨૦ દિવસ બાદ ભાજપ સામે ઉતર્યા છે અને સિધ્ધપુર બેઠકના કોંગ્રેસના ઉમેદવાર ચંદનજી ઠાકોરને ટેકો જાહેર કર્યો હતો. તેઓ સિધ્ધપુર બેઠક માટે ભાજપની સેન્સ આપવા ગયા હતા. પરંતુ તેમને ટિકિટ મામલે નકારાત્મક ચર્ચાઓનો દોર ચાલ્યો હતો. ત્યારબાદ તેઓ અશોક ગેહલોતને મળ્યા હતા.

ગેહલોત સાથેની મુલાકાત ચર્ચામાં રહીએક તરફ કોંગ્રેસે ઉમેદવારોની પહેલી યાદ જાહેર કરી અને તેના થોડા સમય બાદ જ મોડી રાતે જ જયનારાયણ વ્યાસે ભાજપને રામ રામના સમાચાર વાયુ વેગે પ્રસર્યા હતા. રાજીનામું આપ્યું તેના થોડા દિવસ પહેલા જયનારાયણ વ્યાસે અમદાવાદ સર્કિટ હાઉસમાં અચાનક રાજસ્થાનના મુખ્યમંત્રી અને ગુજરાતના ખાસ ચૂંટણી પ્રભારી અશોક ગેહલોત સાથે મુલાકાત કરી હતી. તેઓ આગામી ચૂંટણીમાં કોંગ્રેસના સિધ્ધપુર બેઠક પરથી ઉમેદવારી કરશે એવી ચર્ચા હતી. જોકે, વ્યાસે ગેહલોત સાથેની તેમની મુલાકાત બાદ માત્ર એટલું જણાવ્યું કે, નર્મદાને લઈને તેઓ જે પુસ્તક લખી રહ્યા છે તે માટે પરામર્શ અર્થે તેઓ ગેહલોતને મળ્યા હતા.વિધાનસભા ચૂંટણીના પહેલા તબક્કાના મતદાન આડે માત્ર ૪ દિવસ બાકી છે. ત્યારે આજે ભાજપ અને કોંગ્રેસ ખરાખરીના પ્રચારમાં ઊતરશે. ચૂંટણીને લઈને રાજકીય ગરમાવો તેજ બન્યો છે. અમદાવાદની વેજલપુર આજકાલ આ બેઠક વધુ ચર્ચામાં છે, જેની પાછળનું કારણ છે એક વાઈરલ તસવીર. ચૂંટણીને લઈ વેજલપુર બેઠક પર કાંટે કી ટક્કર જેવો ઘાટ છે અને ભાજપ કોંગ્રેસ અને આપના ઉમેદવારો જોરશોરથી પ્રચાર કરી રહ્યાં છે. તેવામાં વેજલપુરના ધારાસભ્ય કિશોર ચૌહાણ કોંગ્રેસના ઉમેદવાર રાજેન્દ્ર પટેલ અને કોંગ્રેસના આગેવાનો સાથે એક ફોટોમાં સાફ જોવા મળી રહ્યાં છે.

## ડ્રેગન હિંદ મહાસાગરનો 'બોસ' બનવા માંગે છે ! ૧૯ દેશો સાથેની બેઠક, ભારતને અલગ રાખ્યું

બીજીંગ,તા.૨૭

યુક્તિબાજ ચીન હિંદ મહાસાગરમાં સતત પોતાની હાજરી વધારી રહ્યું છે. તે આ વિસ્તારનો 'બોસ' બનવા માંગે છે. આ અઠવાડિયે ડ્રેગન હિંદ મહાસાગર ક્ષેત્રના ૧૯ દેશો સાથે બેઠક કરી હતી.

પરંતુ ભારત આ બેઠકમાં સામેલ નહોતું. કારણ કે તેને આમંત્રણ આપવામાં આવ્યું ન હતું. ચીનના વિદેશ મંત્રાલય સાથે જોડાયેલી સંસ્થા ચાઈના ઈન્ટરનેશનલ ડેવલપમેન્ટ કોઓપરેશન એજન્સીએ આ માહિતી આપી છે. આંતરરાષ્ટ્રીય સમાચાર અહીં વાંચો.

સીઆઈડીસીએ જણાવ્યું હતું કે ૨૧ નવેમ્બરે વિકાસ સહકાર પર ચીન-ભારત મહાસાગર ક્ષેત્રીય મંચની બેઠકમાં ૧૯ દેશોએ ભાગ લીધો હતો. આ બેઠકમાં દરિયાઈ અર્થતંત્રના સિદ્ધાંતો અને પદ્ધતિઓ અંગે ચર્ચા કરવામાં આવી હતી. આ બેઠકનું આયોજન યુનાન પ્રાંતના કુનમિંગમાં ઓનલાઈન કરવામાં આવ્યું હતું.

ઈન્ડોનેશિયા, પાકિસ્તાન, મ્યાનમાર, શ્રીલંકા, બાંગ્લાદેશ, માલદીવ, નેપાળ, અફઘાનિસ્તાન, ઈરાન, ઓમાન, દક્ષિણ આફ્રિકા, કેન્યા, મોઝામ્બિક, તાન્ઝાનિયા, સેશેલ્સ, મેડાગાસ્કર, મોરેશિયસ, જીબુટી અને ઓસ્ટ્રેલિયા સહિત ૧૯ દેશો અને ત્રણ આંતરરાષ્ટ્રીય સંસ્થાઓના પ્રતિનિધિઓએ હાજરી આપી હતી. બેઠકમાં ભાગ લીધો સૂત્રોના જણાવ્યા અનુસાર ભારતને કથિત રીતે આમંત્રણ આપવામાં આવ્યું ન હતું. ગયા વર્ષે, ચીને ભારતની ભાગીદારી વિના કોવિડ-૧૯ રસી સહયોગ પર દક્ષિણ એશિયાના કેટલાક દેશો સાથે બેઠક યોજી હતી.

આ વર્ષે જાન્યુઆરીમાં શ્રીલંકાની મુલાકાત દરમિયાન, ચીનના વિદેશ પ્રધાન વાંગ યીએ હિંદ મહાસાગરના ટાપુ દેશોના વિકાસ પર એક મંચ સ્થાપવાનો પ્રસ્તાવ મૂક્યો હતો. જ્યારે તેમને પૂછવામાં આવ્યું કે શું સીઆઈડીસીએની બેઠક વાંગ દ્વારા પ્રસ્તાવિત સમાન છે. ચીનના વિદેશ મંત્રાલયે મીડિયાને સ્પષ્ટતા કરી છે કે ૨૧ નવેમ્બરની બેઠક તેનો ભાગ ન હતી. ચીન પાકિસ્તાન અને શ્રીલંકા સહિત અનેક દેશોમાં બંદરો અને ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં રોકાણ સાથે વ્યૂહાત્મક હિંદ મહાસાગર ક્ષેત્રમાં પ્રભાવ વધારવા માટે પ્રયત્નશીલ છે.

ચીનના પ્લેટફોર્મનો હેતુ સ્પષ્ટપણે હિંદ મહાસાગર ક્ષેત્રમાં ભારતના મજબૂત પ્રભાવનો સામનો કરવાનો છે, જ્યાં ઈન્ડિયન ઓશન રિમ એસોસિએશનજેવા ભારત તરફી સંગઠનો, જેમાં ૨૩ દેશો સભ્યો છે, મજબૂત મૂળિયા ધરાવે છે.

આ ઉપરાંત, વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ હિંદ મહાસાગર ક્ષેત્રના દરિયાકાંઠાના દેશો વચ્ચે સક્રિય સહયોગ માટે ૨૦૧૫માં ૨૦૧૫માં સિક્યોરિટી એન્ડ ગ્રોથ ફોર ઓલ ઈન ધ રિજન પહેલનો પ્રસ્તાવ મૂક્યો હતો.

સીઆઈડીસીએની અધિકૃત વેબસાઈટ જણાવે છે કે સંસ્થાનો હેતુ વિદેશી સહાય માટે વ્યૂહાત્મક દિશાઓ, યોજનાઓ અને નીતિઓ નક્કી કરવા, મુખ્ય વિદેશી સહાય મુદ્દાઓ પર સંકલન અને સલાહ આપવા, વિદેશી સહાય સંબંધિત બાબતોમાં દેશના સુધારાઓને આગળ વધારવા અને મુખ્ય કાર્યક્રમોને ઓળખવા અને તેમના અમલીકરણનું મૂલ્યાંકન કરવાનો છે.

સીઆઈડીસીએનું નેતૃત્વ લુઓ ઝાઓહુઈ, ભૂતપૂર્વ ઉપ વિદેશ મંત્રી અને ભારતમાં રાજદૂત કરે છે. સંસ્થાની અધિકૃત વેબસાઈટ અનુસાર, ઝાઓહુઈ સીઆઈડીસીએના સીપીસી (ચાઈના શાસક કમ્યુનિસ્ટ પાર્ટી)ના નેતૃત્વ જૂથના સચિવ છે.

## કોલકતા આંતરરાષ્ટ્રીય ફિલ્મ મહોત્સવનું આયોજન,અમિતાભ અને જયા બચ્ચન હાજર રહેશે

કોલકતા,તા.૨૭

૨૮મો કોલકતા આંતરરાષ્ટ્રીય ફિલ્મ મહોત્સવ (કેઆઈએફએફ) આગામી ૧૫ ડિસેમ્બરથી શરૂ થશે અને ૨૨ ડિસેમ્બર સુધી ચાલશે. મુખ્યમંત્રી મમતા બેનર્જીએ તેની માહિતી આપી હતી તેમણે કહ્યું હતું કે કોલકતાના નેતાજી ઇડોર સ્ટેડિયમમાં કેઆઈએફએફનું ઉદ્ઘાટન સમારોહ આયોજીત થશે.તેમાં બોલીવુડના મહાનાયક અમિતાભ બચ્ચન,તેમની પત્ની જયા બચ્ચન અને સુપરસ્ટાર શાહરૂખ ખાન હાજર રહી શકે છે.

૨૭મો સંસ્કરણ આ વર્ષે ૨૫ એપ્રિલથી શરૂ થયો હતો અને ૧ મે સુધી ચાલ્યો હતો ગત સંસ્કરણમાં ૪૦ દેશોની ૧૬૩ ફિલ્મો બતાવવામાં આવી હતી કોરોના મહામારીના કારણે ગત બે વર્ષ કોલકતા આંતરરાષ્ટ્રીય ફિલ્મ મહોત્સવનું આયોજન થઇ શકયુ ન હતું. ટીએમસી બંગાળની સત્તામાં આવ્યા બાદ આ ફિલ્મ મહોત્સવનું રંગ રૂપ પુરી રીતે બદલવામાં આવ્યુ હતું મુખ્યમંત્રી મમતા બેનર્જીના નિર્દેશ પર તેનું ભવ્ય રીતે આયોજન કરવામાં આવ્યું સુત્રો પાસેથી મળેલી માહિતી અનુસાર કોરોનાની સ્થિતિ હાલ પુરી રીતે કંટ્રોલમાં છે આથી આ વખતે તેનું પહેલાની જેમ ભવ્ય રીતે આયોજન કરવાની તૈયારી ચાલી રહી છે.શાહરૂખ ખાન બંગાળના બ્રાંડ એમ્બેસડર પણ છે. કોરોના પહેલા અમિતાભ બચ્ચન અને શાહરૂખ ખાન નિયમિત રીતે તેના ઉદ્ઘાટન સમારોહમાં હાજર રહેતા હતાં અને હવે ફરીથી જોવા મળી શકે છે.



ડાંગ જિલ્લા માં વિધાનસભા ચૂંટણી નાં માહોલ માં તમામ પક્ષો એડિચોંટી નું જોર લગાવી રહ્યા છે, સામગહન જિલ્લા પંચાયત પરથી ૧૭૩ વિધાનસભા સીટ નાં ઉમેદવાર વિજયભાઈ પટેલ નાં સમર્થન માં વિશાળ બાઈક રેલીનું આયોજન હાથ ધરવામાં આવ્યું હતું. આ વિશાળ બાઈક રેલી આગેવાન ચંદર ગાંવિત, કમળાબેન રાઉત, હીરા રાઉત અને સામગાહન સરપંચ લલિતા ચાંડેકર ની અધ્યક્ષ સ્થાને યોજાઈ હતી. સામગાહન થી માલેગામ, જોગબારી, બરડપાની, ગોટીયામાળ, ગુંદિયા, બરમિયાવડ, સોનુનીયા થઈ હુંબાપાડા, માલુંગા, માનમોડી, બારીપાડા થી સામગાહન સુધી રાખવામાં આવી હતી. આ વિશાળ બાઈક રેલીના આયોજન બાદ આ વિસ્તારોમાં પણ ભાજપા ની લહેર ચાલતી હોય કોંગ્રેસ આમ આદમી પાર્ટી માં સન્નાટો વ્યાપી પામ્યો હતો. નરેન્દ્ર પવાર, ડાંગ

# ભારતીય જનતા પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી જે. પી. નડ્ડાજીએ આજે હિંમતનગર ખાતે ભારતીય જનતા પાર્ટીના ઉમેદવાર શ્રી વી. ડી.. ઝાલાના સમર્થનમાં એક વિશાળ રોડ શો યોજ્યો હતો

**રોડ શો દરમ્યાન શ્રી વી. ડી. ઝાલાના સમર્થકો અને ભારતીય જનતા પાર્ટીના કાર્યકર્તાઓ જોડાયા હતાં. રોડ શોને હિંમતનગર શહેરની જનતાએ અભૂતપૂર્વ પ્રતિસાદ આપ્યો હતો**

**લોકતંત્રના આ મહાપર્વમાં યોજાઈ રહેલ ગુજરાત વિધાનસભાની આ વખતની ચૂંટણીમાં રાજયની જનતા જનાર્દન ફરી એકવાર ભારતીય જનતા પાર્ટી પર વિશ્વાસ મૂકી સત્તાના માધ્યમથી સેવા કરવાનો અવસર આપવાની છે – શ્રી જે. પી. નડ્ડાજી**



ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશ મિડીયા વિભાગ એક અખબારી યાદીમાં જણાવે છે કે, ભારતીય જનતા પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી જે. પી. નડ્ડાજીએ આજે હિંમતનગર ખાતે ભારતીય જનતા પાર્ટીના ઉમેદવાર શ્રી વી. ડી.. ઝાલાના સમર્થનમાં એક વિશાળ રોડ શો યોજ્યો હતો. સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર શહેરમાં ડૉ. આંબેડકરનગર ચોકથી સમગ્ર શહેરમાં ભારતીય જનતા પાર્ટીના ઉમેદવાર શ્રી વી. ડી. ઝાલાના સમર્થન ભારતીય જનતા પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષશ્રીએ રોડ શોની શરૂઆત કરી હતી અને આ રોડ શો દરમ્યાન શ્રી વી. ડી. ઝાલાના સમર્થકો અને ભારકતીય જનતા પાર્ટીના કાર્યકર્તાઓ જોડાયા હતાં. રોડ શોને હિંમતનગરની જનતાએ અભૂતપૂર્વ પ્રતિસાદ આપ્યો હતો. શ્રી વી. ડી. ઝાલાના સમર્થનમાં યોજાયેલ રોડ શો પૂર્ણ થયા બાદ ભારતીય જનતા પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી જે. પી. નડ્ડાજીએ જણાવ્યું હતું કે, લોકતંત્રના આ મહાપર્વમાં યોજાઈ રહેલ ગુજરાત વિધાનસભાની આ વખતની ચૂંટણીમાં જનતા જનાર્દન ફરી એકવાર ભારતીય જનતા પાર્ટી પર વિશ્વાસ મૂકી સત્તાના માધ્યમથી સેવા કરવાનો અવસર આપવાની છે. ગુજરાતમાં છેલ્લા ૨૦ વર્ષથી ભારતીય જનતા પાર્ટીએ જે કહ્યું છે તે કરીને બતાવ્યું છે. ભારતીય જનતા પાર્ટી જે કહે છે તે કરવા માટે હંમેશા કટીબધ્ધ હોય છે. આજે સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર ખાતે ભારતીય જનતા પાર્ટીના ઉમેદવાર શ્રી વી. ડી. ઝાલાને સમર્થન આપવા વિશાળ જનમેદની જોઈને હું વિશ્વાસ પૂર્વક કહી શકું છે કે શ્રી વી. ડી. ઝાલા જંગી લીડથી જીતી હિંમતનગરનું કમળ ગુજરાત વિધાનસભામાં જવાનું છે.

ડૉ.યજ્ઞેશ દવે
(પ્રદેશ મિડિયા કન્વીનર)

**પ્રશાસન નિષ્પક્ષ ચૂંટણીમાં અડચણ કરી રહ્યું છે, ચૂંટણી પંચ તાત્લાકી પગલા લેઃ આલોક શર્મા**

# ચૂંટણીઓ મુક્ત અને નિષ્પક્ષ થાય તો જ દેશના બંધારણને આપણે બચાવી શકીશું, મુક્ત અને નિષ્પક્ષ ચૂંટણીઓએ લોકશાહીનો આધારસ્તંભ છેઃ આલોક શર્મા

અખિલ ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના પ્રવક્તાશ્રી આલોક શર્માજીએ પત્રકાર પરિષદને જણાવ્યું હતું કે, જે પ્રમાણે પત્રકારત્વ લોકશાહીનો ચોથો સ્તંભ છે તે જ પ્રમાણે સંવૈધાનિક સંસ્થાઓ પણ ભારતના બંધારણમાં એક અગ્રીમ કક્ષાનો ભાગ ભજવે છે. પરંતુ જ્યારે સંવૈધાનિક સંસ્થાઓ ભારતીય જનતા પાર્ટીને અસંવૈધાનિક રીતે મદદ કરી રહી હોય તેવી ફરિયાદો સમગ્ર ગુજરાતમાંથી આવી રહી છે અને તેની સામે સવાલો ઉઠાવી રહ્યાં છે.





ચૂંટણી પંચે આ પહેલા હિમાચલ પ્રદેશની ચૂંટણીની તારીખો જાહેર કરી હતી ત્યારે ગુજરાતના પરિણામની તારીખ જાહેર કરવામાં આવી હતી પરંતુ ચૂંટણીની તારીખો જાહેર કરવામાં ન આવી હતી. તેના કારણે સરકારી ખર્ચે કરદાતાઓની કમાઈના ભોગે ભારતીય જનતા પક્ષે ગુજરાતમાં પરોક્ષ રીતે પ્રચાર - પ્રસાર કર્યો. આ બાબતે કોંગ્રેસ પક્ષે તે વખતે પણ વિરોધ કર્યો હતો.

ચૂંટણીની જાહેરાત થયા બાદ તમામ સરકારી વિભાગો અને તેમના પ્રશાંસનીય કર્મચારીઓ શાસક પક્ષના ઉમેદવારોને મદદ કરી રહ્યાં છે. એ.આઈ.એમ.આઈ.એમ. તે રાષ્ટ્રીય પક્ષ નથી માટે તેમના ઉમેદવારના સમર્થનમાં ૧૦ વ્યક્તિઓ પ્રપોઝર તરીકે મુકવા જરૂરી છે છતાં પણ તેમના ઉમેદવારોની દરખાસ્ત માત્ર બે વ્યક્તિઓએ આપી હતી. જેથી તેમના ઉમેદવારી પત્ર રદ કરવા માટે કોંગ્રેસે રજૂઆત કરી છે છતાં પણ હજી તેમાં કોઈ નિર્ણય લેવાયો નથી.

જયારે જયારે વડાપ્રધાનશ્રી, ગૃહમંત્રીશ્રી અને કેન્દ્રની મંત્રીઓ ગુજરાતમાં પ્રચાર કરવા આવે છે ત્યારે કોંગ્રેસના કાર્યકર્તાઓને હાઉસ એરેસ્ટ અથવા પોલીસ સ્ટેશને ૨૪-૨૪ કલાક બેસાડી રાખવામાં આવે છે અને તેઓ કોંગ્રેસનો પ્રચાર ન કરી શકે તેવા કારસા રચવામાં આવે છે. પોરબંદરમાં કિર્તીમંદિર પોલીસ સ્ટેશનના પી.આઈ. શ્રી વી.વી. પરમાર કોંગ્રેસના કાર્યકર્તાઓને બિનઅધિકૃત રીતે ધમકાવી રહ્યાં છે અને તે પ્રચાર ન કરે અને વિસ્તાર છોડી દે તેવું દબાણ કરી રહ્યાં છે. પોરબંદર પોલીસ સ્ટેશનના સી.સી.ટી.વી. કેમેરા તપાસવામાં આવે તો સત્ય બહાર આવી શકે તેમ છે. પોરબંદરની છાયા નગરપાલિકાના ચીફ ઓફિસર મનન ચતુર્વેદી ખુલ્લેઆમ ભાજપનો પ્રચાર કરી રહ્યાં છે. રાપર વિધાનસભાના ભાજપના ઉમેદવાર શ્રી વિરેન્દ્રસિંહ જાડેજાના પુત્ર કુલદીપસિંહ જાડેજાના સસરાશ્રી એમ.એમ. જાડેજા (એલ.સી.બી.પી.આઈ.) અને તેમના ભાઈ ભરતસિંહ જે કોઢ ગામના છે. તેઓ બન્ને પુરજોશમાં સામાજીક નાતે ભાજપના ઉમેદવારનો પ્રચાર કરી રહ્યાં છે. તેમને કચ્છ ખાતેથી ખસેડી દેવા ચૂંટણી અધિકારીશ્રીને અરજી કરવામાં આવી છે. એ જ પ્રમાણે કલોલ વિધાનસભા ક્ષેત્રમાં પોલીસ અને અન્ય સરકારી એજન્સીઓ દ્વારા ભાજપને લાભ પહોંચાડવા કોંગ્રેસ સમર્થીત નાગરિકોને અને કાર્યકર્તાઓને એવું કહેવામાં આવી રહ્યું છે કે જો ભાજપની મદદ ના કરી તો તમારા ઉપર નવા કેસ કરવામાં આવશે અને જુના કેસમાં પણ અંદર કરી દેવામાં આવશે.

સમગ્ર ગુજરાતમાં ભાજપના ઉમેદવારો ગેરકાયદેસર રીતે મંજૂરી લીધા સિવાય પોતાના પોસ્ટર અને બેનરો સરકારી ઈમારતો અને સરકારની માલિકીની સંપત્તિઓ ઉપર લગાવીને કાયદા વિરુદ્ધ પ્રચાર કરી રહ્યાં છે. ભારતીય જનતા પાર્ટી દ્વારા નાના બાળકોને મત આપવા માટે અપિલ કરાવાઈ છે અને પ્રચારમાં મોકલાઈ રહ્યાં છે. સ્કુલના બાળકોને પ્રધાનમંત્રીની જાહેરસભાઓમાં ખુરશીઓ ભરવા બોલાવાઈ રહ્યાં છે. શા માટે બાળ આયોગ મૌન છે ? એ જ પ્રમાણે ભાજપને જનતા સમર્થન નથી આપતી તો કમાભાઈનો સહારો લેવામાં આવે છે. શું રાજ્ય માનવ અધિકાર આયોગ અને કેન્દ્રીય માનવ અધિકાર આયોગ શા માટે કોઈ પગલાં નથી લઈ રહ્યાં. હદ તો ત્યારે થાય છે કે ગુજરાતની ખાનગી કોન્ટ્રાક્ટ ધરાવતી કંપનીઓ પણ વર્ગ-૩ ના નાના કર્મચારીને સોશિયલ મીડિયામાં સરકાર વિરુદ્ધ ખોટો પ્રચાર કરવાના બહાને ફરજ ઉપરથી તાત્કાલીક રીતે છુટા કરીને યુવાનોની રોજીરોટી મેળવવાના અધિકારનું પણ હનન કરી રહી છે.

એ બાબત સર્વવિદિત છે કે દેશની ચૂંટણીઓ મુક્ત અને નિષ્પક્ષ થાય તો જ દેશના બંધારણને આપણે બચાવી શકીશું અને એટલે જ કહેવામાં આવ્યું છે કે મુક્ત અને નિષ્પક્ષ ચૂંટણીઓએ લોકશાહીના આધારસ્તંભ છે. જયારથી ગુજરાત રાજયની વિધાનસભાની ચૂંટણીઓની ચર્ચા શરુ થઈ ત્યારથી જ આજ સુધી સતત એ જોવામાં આવ્યું છે કે આખાય ગુજરાતમાં સત્તાધારી પક્ષના જુદાજુદા આગેવાનો દ્વારા અને ભાજપ સાથે સંકળાયેલી તેઓની સહયોગી સંસ્થાઓ દ્વારા આખાય ગુજરાતના અસામાજિક તત્વો, જેલમાં સજા ભોગવી રહેલા અને અન્ડરટ્રાયલ કેદીઓનો સંપર્ક કરવામાં આવી રહ્યો છે અને તેઓને ચૂંટણીમાં પક્ષને મદદરૂપ થવાની ગોઠવણો કરવામાં આવી રહી છે.

આથી કોંગ્રેસ પક્ષ દ્વારા માંગણી કરવામાં આવે છે કે, તાત્કાલીક અસરથી કોંગ્રેસ પક્ષના ઉમેદવારો અને સમર્થકોએ ચૂંટણી પંચમાં કરેલી ફરીયાદો નિષ્પક્ષ પગલાં લેવામાં આવે અને તમામ કર્મચારીઓ કે જેમણે એક જ જગ્યાએ ત્રણ વર્ષ પુરા કર્યા હોય તેઓની તાકીદે બદલી કરવામાં આવે તથા પોલીસ અને તંત્રના એવા કર્મચારીઓ કે જે ભાજપને મદદ કરી રહ્યાં છે તેઓ ચૂંટણીઓમાં મતદારો ઉપર કોઈપણ જાતનું દબાણ ના કરી શકે અને પ્રભાવિત ના કરી શકે તેવી વ્યવસ્થા ઈલેક્શન કમિશનને ગોઠવવી જોઈએ.

આખાય ગુજરાતમાં જુદાજુદા કારણોસર આપવામાં આવતી પેરોલ બંધ કરવામાં આવે જે અસામાજિક તત્વો, હિસ્ટ્રીસીટર આજે આઝાદીથી હરે ફરે છે તેઓની ઉપર નજર રાખવી જોઈએ અને તેમની સામે પ્રિવેન્ટિવ પગલાં લેવા જોઈએ.ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ રાજીવ ગાધી ભવન ખાતે આયોજીત પત્રકાર પરિષદમાં કો-કન્વિનર અને પ્રવક્તાશ્રી હેમાંગ રાવલ, હિમાચલ પ્રદેશ મીડિયા વિભાગના શ્રી સંજીવ શર્મા અને ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રવક્તાશ્રી હિરેન બેંકર ઉપસ્થિત રહ્યાં હતાં.

હેમાંગ રાવલ
કો-કન્વિનર - પ્રવક્તા
મો. ૯૮૯૮૨૩૩૦૩૮

## વડાપ્રધાન પોતાના શિક્ષકના નિધન પર ભાવુક થયા,'મારા જીવન ઘડતરમાં તેમનો અમૂલ્ય ફાળો છે'



અમદાવાદ,તા.૨૭

વડાપ્રધાન નરેંદ્ર મોદીનો ગુજરાત પ્રવાસ હંમેશા કંઈક ખાસ બની જાય છે. પરંતુ આ વખતે સંજોગો ગુજરાત વિધાનસભાની ચૂંટણી છે. હાલ ચૂંટણીના સમયગાળામાં જનતાને આકર્ષવા માટે દરેક પાર્ટીઓ એડીચોટીનું જોર લગાવી રહી છે, ત્યારે આજે પીએમ મોદી બે દિવસના ગુજરાત પ્રવાસે આવી રહ્યા છે. પીએમ મોદી સુરતમાં અનેક સભાઓ-રેલીઓ કરવાના છે. ત્યારે પીએમ મોદીએ પોતે જે શાળામાં ભણ્યા તે શિક્ષકના નિધન પર ટવીટ કરીને દુઃખ વ્યકત કર્યું.

પીએમ મોદી પોતે જે શાળામાં ભણ્યા તે શિક્ષકનું નામ રાસબિહારી મણિયાર છે. જેમના નિધન પર પીએમ મોદીએ ટ્વીટ કર્યું. જેમાં તેમણે જણાવ્યું હતું કે, મારી શાળાના શિક્ષક રાસબિહારી મણિયારના અવસાનના સમાચાર સાંભળી ખૂબ જ વ્યથિત છું. મારા ઘડતરમાં તેમનો અમૂલ્ય ફાળો છે. હું જીવનના આ પડાવ સુધી તેમની સાથે જોડાયેલો રહ્યો અને એક વિદ્યાર્થી હોવાના નાતે મને સંતોષ છે કે જીવનભર મને તેમનું માર્ગદર્શન મળતું રહ્યું.

અગાઉ પણ પીએમ મોદી નવસારીમાં પોતાની સ્કૂલના શિક્ષક સાથે મુલાકાત કરી હતી. જે શિક્ષકે પીએમ મોદીને નાનપણમાં ભણાવ્યા હતા.



વિદ્યાર્થીઓના બૌદ્ધિક વિકાસને અગ્રિમતા આપવા અને નાના સિપાહી થી માંડી રાજા સુધીના તમામની જરૂરત જીવન માં છે તેવી સમજ આપવા આલ્ફા ઈન્ટરનેશનલ સ્કૂલ માં ચેસ રમતનું આયોજન થયું. તેમાં પચાસ વિદ્યાર્થીઓએ ભાગ લઈ શતરંજ ના દાવ પેચ શીખ્યા.

# લોકોમાં રોષ વચ્ચે પ્રમુખ પુતિને જવાનોની માતાઓની મુલાકાત કરી

મોસ્કો,તા.૨૭

રશિયાના પ્રમુખ પુતિને યૂક્રેન સાથે યુદ્ધ લડી રહેલા સૈનિકોની માતાઓની સાથે મુલાકાત કરી હતી. આ દરમિયાન તેમણે જણાવ્યું હતું કે હું તમારુ દર્દ સમજી શકું છું. પોતાના સંતાનોને ગુમાવવા તે દુનિયાનું સૌથી મોટુ દુઃખ છે.

પુતિને કહ્યું હતું કે માત્ર હું જ નહીં સમગ્ર રશિયા અને રશિયન નેતાગીરી તમારી સાથે છે. રશિયામાં આ રવિવારે મધર્સ ડે ઉજવવામાં આવનારો હોવાથી પુતિને જે જવાનો શહીદ થયા અને જે લડી રહ્યા છે તેમની માતાઓની સાથે મુલાકાત કરી હતી. આ મુલાકાત એવા સમયે સામે આવી રહી છે જ્યારે અનેક સૈનિકો અને રશિયન નાગરિકોમાં આ યુદ્ધને લઈને પુતિન પ્રત્યે ગુસ્સો વધી રહ્યો છે. પુતિને ૧૮ જવાનોની માતાઓની સાથે મુલાકાત કરી હતી.

**અવસર લોકશાહીનો : ગુજરાત વિધાનસભા ચૂંટણી-૨૦૨૨ ;**

# ડાંગની બારખાંધ્યા શાળામા મતદાન જાગૃતિ અન્વયે સહી ઝૂંબેશ કાર્યક્રમ યોજાયો

આહવાઃ તાઃ ૨૭ઃ ગુજરાત વિધાનસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૨ દરમિયાન ડાંગ જિલ્લાની શૈક્ષિક સંસ્થાઓમા સ્વીપ કાર્યક્રમ અંતર્ગત શ્રેણીબદ્ધ મતદાન જાગૃતિ અંગેના કાર્યક્રમો યોજવામા આવી રહ્યા છે.





આ કાર્યક્રમ અંતર્ગત તાજેતરમા ડાંગ જિલ્લાની બારખાંધ્યા માધ્યમિક શાળામા સહી ઝૂંબેશ કાર્યક્રમ યોજવામા આવ્યો હતો. મારો મત મારી જવાબદારી, ધર ધરમે સંદેશ દો વોટ દો - વોટ દો, વોટ હમારા હે અધિકાર, કભીના કરે ઈસે બેકાર, મતદાન મહાદાનના સૂત્રની સાથે સહી ઝૂંબેશનો કાર્યક્રમ યોજવામા આવ્યો હતો.

આ કાર્યક્રમમા વિધ્યાર્થીઓ સહિત શાળાના શિક્ષકો શ્રીમતી લતાબેન ચૌધરી, શ્રી ઈરફાન શેખ, શ્રી અમ્રતભાઇ પટેલ, શ્રીમતી શિતલબેન પટેલ જોડાયા હતા. કાર્યક્રમના ભાગ રૂપે વિધ્યાર્થીઓ દ્વાર શાળા પંટાગણમા વોટ ફોર બેટર નેશન વિષય ઉપર રંગોળી દોરી, ફરજિયાત મતદાનનો સંદેશો પણ ગુંજતો કરાયો હતો. સાથે જ દરેક વિધ્યાર્થીઓએ મતદાન જાગૃતિનો સંકલ્પ કર્યો હતો

નરેન્દ્ર પવાર, ડાંગ

## અમદાવાદમાં રન ફોર વોટ

# સાબરમતી રિવરફ્રન્ટ પર મેરેથોનમાં ૧૫ હજારથી વધુ લોકોએ મતદાન જાગૃત્તિ માટે દોડ લગાવી

અમદાવાદ,તા.૨૭

ગુજરાત વિધાનસભાની ૨૦૨૨ની ચૂંટણીમાં મતદાન જાગૃતિ માટે આજે અમદાવાદના સાબરમતી રિવરફ્રન્ટ પર રન ફોર વોટનું આયોજન અમદાવાદ જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર દ્વારા કરવામાં આવ્યું હતું. લોકો મતદાન કરે અને જાગૃત થાય તેના માટે યોજાયેલી આ દોડમાં ૧૫,૦૦૦ જેટલા લોકોએ ભાગ લીધો હતો. લોકો વધુમાં વધુ વોટ કરવા પ્રેરિત થાય તેના માટે આ રન પર વોટનું આયોજન કરવામાં આવ્યું હતું. સાબરમતી રિવરફ્રન્ટ પર વલ્લભસદનથી ઈક્રમટેક્સ સુધી આ રન ફોર વોટનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં અમદાવાદ શહેર અને જિલ્લા સહિતના ગામડાઓના શિક્ષકો અને વિદ્યાર્થીઓ તેમજ લોકોએ ભાગ લીધો હતો.ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં મતદાન જાગૃતિ અભિયાનના ભાગરૂપે આજે સાબરમતી રિવરફ્રન્ટ ખાતે અમદાવાદ શહેર અને જિલ્લાના અંદાજે ૧૫૦૦૦ જેટલા શિક્ષકો દ્વારા રન ફોર વોટ માટે મેગા મેરેથોન દોડ કરવામાં આવી હતી. માત્ર અમદાવાદ જ નહીં, પરંતુ સમગ્ર ગુજરાતમાં મતદાન જાગૃતિ આવે તેના માટે શિક્ષકોએ આ પ્રયાસ કર્યો હતો અને મોટી સંખ્યામાં તેઓ હાજર રહ્યા હતા.પ્રથમ વખત મતદાન કરનાર યુવતી ખુશીએ જણાવ્યું હતું કે, મત આપવો એ ખૂબ જ જરૂરી છે અને હું સૌ પ્રથમવાર મતદાન કરવાની છું ત્યારે મને ઉત્સાહ છે લોકોને અપીલ છે કે મતદાન કરવું જોઈએ અને યુવાએ તો ખાસ પોતાના ભવિષ્ય માટે મતદાન કરવું જોઈએ. જયારે ભારતીબેન પટેલે જણાવ્યું હતું કે દરેક લોકોએ મત આપવો જોઈએ આવનારા પાંચ વર્ષ પોતાના ભવિષ્ય અને સારી સરકાર માટે મતદાન કરવું જોઈએ સરકાર દ્વારા આજે જાગૃતિ અભિયાન નું આયોજન કરવામાં આવ્યું છે તે ખૂબ જ સારું છે.યુવા મતદાર ભારતી પ્રજાપતિએ જણાવ્યું હતું કે, આજે મતદાન જાગૃતિ માટે રન ફોર વોટનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં યુવા મતદાર તરીકે ભાગ લીધો હતો. દરેક યુવાનોએ મતદાન કરવું જ જોઈએ. દરેક લોકોએ મતદાન કરવું જ જોઈએ અને જો કોઈ પાર્ટીને તમે મત આપવા ન માંગતા હોય તો પણ નોટા દબાવીને પોતાના મતાધિકારનો ઉપયોગ કરવો જ જોઈએ.રન ફોર વોટમાં ભાગ લેવા આવેલા ૫૦ વર્ષે પૌરવી જોશીએ જણાવ્યું હતું કે, શિક્ષકો દ્વારા મતદાન જાગૃતિ માટે આજે રન પર વોટનું આયોજન કરવામાં આવ્યું હતું અને અમારો આ દોડનો એક જ ઉદ્દેશ્ય હતો, કે આજે હું ૫૦ વર્ષે પણ જો મતદાન માટે દોડમાં ભાગ લઈ શકું, તો તમે પણ મારી સાથે આ જાગૃતિ અભિયાનમાં ભાગ લો.



ભાજપના ધાનેરા વિધાનસભા બેઠક ના ઉમેદવાર ભગવાન દાસ પટેલ ને મતવિસ્તારના કુંડી, મોડલ, anapur , રામપુરા, વિરોલ, વાછડાલ સહિત ના ગામોમાં વ્યાપક જન સમર્થન

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.

CYMK